કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક:૧૧૨ ● ઓગસ્ટ ૨૦૧૬






પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧





# गुरुपूर्णिमा









# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૦ ● અંક : ૧૧૨

ઓગસ્ટ-૨૦૧૬

(મૂળ વર્ષ ૪૮)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા



| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | પિબૈકનો પૂર્વ ઈતિહાસ | ૦૬ |
| ૦૪. | અથ રૂચિરાષ્ટકમ્ | ૦૯ |
| ૦૫. | હિમાલયની ગોદમાં પુણ્યભૂમિઋષિકેશના આંગણે શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ | ૧૨ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૪ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૭ |
| ૦૮. | ભક્તિ સુધા | ૨૪ |
| ૦૯. | પ્રશ્ન પેટી | ૨૭ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૮ |

# અસ્મદીયમ્

"અમારો તો એવો સ્વભાવ છે જે, એક તો ભગવાન ને બીજા ભગવાનના ભક્ત, ને ત્રીજા બ્રાહ્મણ ને ચોથો કોઈક ગરીબ મનુષ્ય, એ ચારથી અમે અતિશે બીએ છીએ જે, રખે એમનો દ્રોહ થઈ જાય નહીં. અને એવા તો બીજા કોઈથી અમે બીતા નથી. કેમ જે, એ ચાર વિના બીજાનો કોઈક દ્રોહ કરે તો તેના દેહનો નાશ થાય પણ જીવ નાશ પામે નહી. અને એ ચારમાંથી એકનો જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે. (વ.વ. ૧૧)

માટે ભક્તો આપણે આપણા ઈષ્ટદેવની ઉપરોક્ત આજ્ઞાનું અવશ્ય પાલન કરવું. ભગવાન શ્રીહરિની દરેક આજ્ઞા આપણા સુખ માટે હોય છે. જેથી મહારાજની દરેક આજ્ઞા આપણે પાળીએ તો જરૂર સુખી થઈશું. ચાતુર્માસ ચાલે છે. આપણા દરેક મંદિરોમાં હરિભક્તોએ સાથે મળી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની વિશેષ ધૂન કરજો જેથી આપણા ગુજરાતમાં સર્વોપરી શ્રીહરિ ખૂબજ વરસાદ વરસાવે અને દરેક ભક્તોએ પર્યાવરણની જાળવણી માટે આ વરસથી એક એક છોડ વાવીને તેનું ઉછેર કરી જતન કરજો. તેમાં અનેક માળાનું ફળ શ્રીજી મહારાજ આપશે. પર્યાવરણની જાળવણી કરવી એ આપણી પવિત્ર અને નૈતિક ફરજ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**
www.swaminarayan.info
www.swaminarayan.in
**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જુલાઈ-૨૦૧૬)



૧ થી ૫ શ્રી સ્વામિનારાયણ મંદિર કલિવલેન્ડ (અમેરિકા) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર સાણંદ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૦ પાલડી અને બોપલમાં હરિભક્તોને ત્યાં પધરામણી.

૧૩ થી ૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર આટલાન્ટા અમેરિકા (જર્યોજીયા) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯ ગુરુ પૂર્ણિમા પ્રસંગે અમદાવાદ કાલુપુર મંદિરમાં સંત-હરિભક્તો દ્વારા ગુરુ પૂજન સંપન્ન.

૨૧ કડી ગામે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરના ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી.

૨૩ થી ૧ ઓગસ્ટ શિકાગો (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો

પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૯ માં પ્રાગટ્યોત્સવ પ્રસંગે કાલુપુર મંદિર તા. ૨૯-૭-૨૦૧૬ : આદરણીય સંતો તથા ગામોગામથી પધારેલા વ્હાલા ભક્તજનો ! સૌ પ્રથમ તો આજના પ્રસંગે આપ સૌએ અમને જે શુભેચ્છાઓ પાઠવી તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ ! અમારો વ્યક્તિગત નહિ પરંતુ આ સ્થાનનો મહિમા હોવાથી આપણે સૌ ભેગા મળી આ ઉત્સવ ઉજવતા હોઈએ છીએ. એજ રીતે આપણે સૌ સંપ રાખીને ભેગા મળી શ્રી નરનારાયણદેવની છત્ર છાયામાં સત્સંગનો ખૂબ વ્યાપ વધે એ રીતે પુરુષાર્થ કરીએ. પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. મહારાજશ્રી દ્વારા અનેક મંદિરોનું નિર્માણ થયું. મહત્વની વાત એ છે કે તેઓ દ્વારા અસંખ્ય ભક્તજનોના હૃદયમાં મંદિરો થયા છે કે જે ભક્તો જ્યાં હોય ત્યાં મંદિર વિના પણ મંદિર જેવું જ વાતાવરણ ઉભું થતું હોય છે. તો આ રાહ પર આપણે સૌ પણ પુરુષાર્થ કરીએ. તેના માટે ખાસ તો આપણા મંદિર દ્વારા દિવાળી પછી તા. ૬-૧૧-૧૬ ના રોજ બાળકોની એક શિબિર તેમજ બીજી એક શિબિર ડાંગરવા ગામે પણ આયોજન કરવામાં આવ્યું છે. તો આ બન્ને શિબિરોમાં આપના બાળકો દીકરાઓને ખાસ મોકલશો કે જેનાથી તેઓમાં શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા દૃઢ થાય અને સંતો-હરિભક્તો પ્રત્યે આદરભાવ, આત્મીયતા અને સ્નેહ વધે તેમજ સંસ્કારોનું દ્રઢ ઘડતર થાય. નહીં તો આજે સમય એવો છે કે બાળકો કે યુવાનો ક્યારે ક્યા રસ્તે ફંટાય જાય એ કંઈ નક્કી નથી હોતું.

આજનો દિવસ અમારા માટે આશીર્વાદ માંગવાનો દિવસ હોવાથી આપ સૌના આશીર્વાદ સાથે અમે સત્સંગનું કાર્ય કરીએ તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

# પિબૈકનો પૂર્વ ઈતિહાસ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

પિબૈકનું સાચું નામ માણેક્ય જોષી હતું. તેનું મૂળ ગામ રાજસ્થાનમાં આવેલું બાંસવાડા હતું. બાંસવાડાના ઘંટાઘર સામે ભવાનીશંકર જોષીની 'જોષી લોજ' ચાલે છે. તેમના પૂર્વજો વિસનગરથી રોજગારી માટે તેલંગણા ગયેલા. ત્યાં તેઓ પોતાને શર્મા અટકથી ઓળખાવવા હતા. આ માણેક્ય જોષી યુવા અવસ્થામાં પ્રભુની શોધ માટે ભારતયાત્રાએ નિકળ્યો હતો. ત્યારે આસામ રાજ્યના મલેકપુર (હાલ-ભલામયાંગ) ગામના નાગરવાડામાં આવેલ મહાકાલી માતાના પૂજારીનો તેને યોગ થયો. આ નાગર પૂજારીનું નામ પ્રભાશંકર શર્મા હતું. તેમણે પોતાની દીકરી શિવકુંવરનું માણેક્ય જોષીને કન્યાદાન આપ્યું અને ધામધૂમથી તેમના લગ્ન કર્યા. તેમને ત્યાંજ ઘરજમાઈ રાખ્યા. પોતાની તમામ મિલ્કત તેમના નામે કરી દીધી.

અને પોતાની પાસે રાખી તેને તાંત્રિક વિદ્યા શીખવી. પછી તે મેલીવિદ્યામાં પારંગત થયો. આ રીતે સ્ત્રી, ધન અને સત્તા પ્રાપ્ત થતા માણેક્ય જોષીનો ધ્યેય બદલી ગયો. ભગવાન પામવા નીકળેલો તે ભોગમાં ફસાણો. પછી તો મંત્રોના પ્રભાવથી અનેક લોકોને ખેંચવા લાગ્યો અને કાયમ માટે ત્યાં જ રોકાઈ ગયો. આ નાગર વિપ્ર માણેક્યને શિવકુંવર થકી એક પુત્રીનો જન્મ થયો. તેનું નામ માયાકુંવર રાખ્યું હતું. આ પુત્રીના જન્મ બાદ ટૂંક સમયમાં તેમની માતા શિવકુંવર મરણ પામી હતી. પિતાએ પુત્રીને પાળી-પોષીને મોટી કરી. પછી માયાકુંવર જ તેના બાપને રાંધી ખવડાવતી હતી.

તે આકંઠ દારું પીતો હોવાથી ત્યાંના મલેક, નાગા અને ઝેટીયા વગેરે આદિવાસી લોકો તેને પિબૈક કહીને બોલાવતા. તેણે પોતાની પુત્રી માયાના નામ ઉપરથી બુરામયાંગ અને ભલામયાંગ નામના બે ગામ વસાવ્યા હતા. તેમાં ભલામયાંગમાં માત્ર તેમનો આશ્રમ અને બગીચો વગેરે હતા. અને જે વિદ્યાર્થી શિષ્યો ત્યાં તાંત્રિકવિદ્યા શીખવા આવે તેને રહેવા માટેના ઝૂપડાઓ બાંધી આપ્યા હતા. તેની દીકરી માયા પણ શુદ્ધ અને સાત્વિક તંત્ર વિદ્યામાં પારંગત બની હતી. તે લોકોને તે વિદ્યા શીખવાડતી હતી. પિબૈક વિશેષતઃ આ બુરામયાંગ ગામમાં રહેતો. બાજુમાં જામ્મુરા ગામમાં વિશેષ આદિવાસી લોકો રહેતા. તે ગામનો પણ પિબૈક જ ધણી હતો. તે બધા આદિવાસીઓ તેમના જ શિષ્યો હતા.

આ ગામો આસામ રાજ્યના અમીનગાઁવ સ્ટેશનથી બ્રહ્મપુત્રા નદીને સામે કિનારે પર્વતીય પ્રાંતમાં આવેલા છે. ગૌહાટીથી પણ અહીં જઈ શકાય છે. ત્યાં બાજુમાં જ નિલાંચલ પર્વત ઉપર કાલી, તારા, ભુવનેશ્વરી, ભૈરવી, છીન્નમસ્તા, બગલામુખી, ધુમાવતી, માતંગી, શારદા અને લક્ષ્મીજી સહિત કામાક્ષીદેવીનું પ્રસિદ્ધ મંદિર હતું. કુચબિહારના યહોવાહ વંશના રાજા વિશ્વસિંહ અને શિવસિંહે આ સ્થાન ઉપર કામાક્ષીમાતાનું ભવ્ય મંદિર બંધાવેલું છે. દેવીભાગવતમાં સમગ્ર ભૂમંડલમાં દેવીનું આ મહાક્ષેત્ર કે તીર્થ કહેવાય છે. એવો ઘણો મહિમા આ સ્થાનનો લખ્યો છે.

આસામમાં કામરૂદેશના નાગા, ખાસી અને ઝેટીયા પર્વતોની તળેટીમાં આ તીર્થો અને ગામો આવેલા છે. પિબૈક ત્યાં રહેતો હતો અને લોકોને મેલી તાંત્રિક વિદ્યા શીખવાડતો. તેની પુત્રી માયા ભલામયાંગ ગામમાં રહીને લોકોને શુદ્ધ અને સાત્વિક તાંત્રિક વિદ્યા શીખવાડતી. તે જમાનામાં સમગ્ર ભારતવર્ષમાં પિબૈક તાંત્રિક વિદ્યામાં ખૂબ પ્રસિદ્ધ હતો. તે ઉમાનંદો ભૈરવનો પૂજારી હતો. આ





ઉમાનંદો શિવલીંગ બ્રહ્મપુત્રા નદીની વચ્ચે ટાપુ છે ત્યાં આવેલું છે. આ સ્થળે બ્રહ્મપુત્રા નદી ત્રણ કિલોમિટરના પટવાળી પહોળી છે.

સં. ૧૮૫૩ કારતક સુદ-પૂનમ તા. ૧૫-૧૧-૧૭૯૬ મંગળવારના વર્ણીરાજ શ્રીહરિ વનવિચરણ કરતા ભલામયાંગ ગામે પહોંચ્યા. આ ગામથી થોડે દૂર પશ્ચિમમાં નિલાંચલ પર્વત ઉપર કામાક્ષીદેવીનું ભવ્ય મંદિર હતું. શ્રીહરિ તે ગામના બગીચામાં ઉતર્યા. પોતાના બાગમાં સિદ્ધો ઉતર્યા છે એવી ખબર મળતા પિબૈક તેના કેટલાક શિષ્યો સાથે ત્યાં આવ્યો. સિદ્ધોને જીવવું હોય તો પોતાના શિષ્યો થઈ જવા હુકમ કર્યો. ત્યારે નાના વર્ણીરાજે તેના હુકમનો અનાદર કર્યો. તેથી તેણે વર્ણીરાજ ઉપર અનેક માંત્રિક-તાંત્રિક પ્રયોગો કર્યા પરંતુ તે સઘળા પ્રયોગો નિષ્ફળ ગયા.

ત્યારે તેણે પ્રભુજીને ઉમાનંદોના સ્થાનકે આવી જવા કહ્યું . વર્ણીરાજ શ્રીહરિએ તે પડકારને ઝીલી લીધો. બ્રહ્મપુત્રા નદીની વચ્ચે બેટ છે ત્યાં આ સ્થાન હતું. પછી સહુ ત્યાં ગયા. પછી પિબૈકે ઉમાનંદો ભૈરવ મંદિર પાસે ઉગેલા વૃક્ષ ઉપર મૂઠ મારી. તેથી તે તત્કાળ સૂકાઈ ગયું. પછી અટ્ટહાસ્ય કરી કહે. ''છોકરા ! આટલી વાર લાગશે.'' ત્યારે વર્ણીરાજ કહે, ''વૃક્ષ સૂકવામાં મહાનતા નથી, તેને લીલું કરી દે તેમાં મહાનતા છે.'' તે કામ પિબૈકથી ન થયું. વર્ણીરાજ શ્રીહરિએ મૂઠ પાછીવાળી અમીદષ્ટિ કરતા જ વૃક્ષ લીલું થઈ ગયું હતું. છતાં પિબૈકનું અહં ન ઓગળ્યું. અંતે તેમણે વર્ણીરાજને મારવા ઉમાનંદો ભૈરવને (વીર ભૈરવ) મોકલ્યો. તેણે પણ પાછા ફરીને પિબૈકને ખૂબ માર્યો અને કહ્યું, ''તું જેને મારવાની વાત કરે છે, તે તો સ્વયં પરમેશ્વર છે. માટે સુખી થાવું હોય તો તું તેને શરણે જા.'' એમ તે પાછો ફર્યો. તે જ સમયે ઉમાનંદો શિવલીંગમાં મોટા તડાકા સાથે તીરાડ પડી ગઈ હતી. તે બધું જોઈ પિબૈક વર્ણીરાજના શરણે થયો. સત્સંગિજીવન-૧ અધ્યાય-૪૭ માં લખ્યું છે કે, પછી પિબૈક શ્રીહરિને સાક્ષાત્ ઈશ્વર માનવા લાગ્યો. અને શ્રીહરિનો આશ્રિત બન્યો. કૌલાગમાદિ વામમાર્ગી ગ્રન્થોનો ત્યાગ કરી શ્રીમદ્ ભાગવત, ગીતાજીનો પાઠ કરતો હતો અને નિરંતર શ્રીહરિનું ભજન કરવા લાગ્યો.

**તેનું નામ પ્રસિદ્ધ પિબૈક, જેણે જીતેલા સિદ્ધ અનેક,**
**તેને શ્રીહરિયે જીતી લીધો, પછી શિષ્ય પોતા તણો કીધો.**

આ રીતે સ્વામિનારાયણ ભગવાને વનવિચરણ સમયે તાંત્રિક પિબૈકને પોતાનો શિષ્ય કર્યો પછી વર્ણીરાજ પ્રભુએ તે વખતે ગુજરાતમાં ઉનાવાના જીવા રાવલ, મનહર બારોટ, કરસન પટેલ વગેરે ત્રણ મુક્તોને ઓળખીને પરિચય આપીને કહ્યું કે, પવિત્ર કુળના બાલુડાઓ ! તમો આ પિબૈક રાક્ષસને છોડી તમારે ઘેર જતા રહો. હું જરૂર તમોને મળવા આવીશ. આ રીતે પિબૈકનો થયેલ પરાજય જોયો અને પ્રભુનો પ્રતાપ જોયો. તેથી તે ત્રણે શ્રીહરિને શરણે થયા.

તે સમયે ત્યાં દર વર્ષે માતાજીની મૂર્તિ આગળ બકરા વગેરેનો બલી ચડાવામાં આવતો હતો. તેમાં પણ છેલ્લા નોરતાના દિવસે તો માતાજીની મૂર્તિ આગળ અનેક પશુઓના બલિદાન અપાતા. શ્રીહરિએ નિજ પ્રતાપથી તે બંધ કરાવ્યું અને લોકોને કહ્યું, ''તમો તમારે ઘેર માટીના માતાજીની મૂર્તિ બનાવી તેની આગળ શ્રીફળ વધેરી ભોગ ધરજો. જેથી તમારા તમામ મનોરથ પૂરા કરશે. પછી તે મૂર્તિ તમારે અહીં આશ્રમમાં મુકી જવી. અને તે માટે શ્રીહરિએ ત્યાંનું કામાક્ષીદેવીનું મંદિર તથા વિષ્ણુનું મંદિર લોકો પાસે કરાવ્યું હતું. આ રીતે ત્યાં ધર્મની સ્થાપના કરી શ્રીહરિ આગળ ચાલ્યા. પછી શ્રીહરિના કહેવા મુજબ પિબૈકની દીકરી માયાએ પણ તે સમયે લોકોને સમજાવીને બકરા, કુકડા, કબુતરની હિંસા બંધ કરાવીને શ્રીફળથી પૂજન કરવાનું શીખવ્યું હતું. એ પ્રાંતમાં તે સમયે તેનો ખૂબ જ પ્રભાવ હતો. અનેક તેમના વચને સુખી થતા. તેની ત્યાં ઘણી લોકચાહના હતી એવું

ત્યાંના લોકો કહે છે.

આ મંદિરની બાજુમાં જ એક શ્રીફળવાળાની દુકાન છે. ત્યાંના ૯૦ વર્ષના એક અનુભવી વૃદ્ધે કહ્યું હતું કે, ''૨૦૦ વર્ષ પહેલા અહીં કેવળ બકરા, કૂકડા અને કબુતરા જ વધેરાતા. પરંતુ ઉત્તર હિન્દુસ્તાનના એક બાલાજોગી આવ્યા હતા. તેમણે ક્રૂર પિબૈકનો પરાજ્ય કરી અહીંના લોકોને શ્રીફળ વધેરવાનું શીખવ્યું હતું. અને આ વિષ્ણુ તથા દેવીનું મંદિર પણ બનાવરાવ્યું હતું. નીલકંઠવર્ણી અહીં ૧૦-૧૨ દિવસ રહ્યાં હતા. એમના પ્રભાવથી હજી સુધી અહીંના અનેક લોકો અહિંસા ધર્મને પાળે છે અને માંસાહાર કરતા નથી.'' આ વાત ઉનાવાના અશોકભાઈ એડવોકેટે ત્યાં જઈને નજરે જોઈ છે અને તેઓ કહે છે કે, વર્ણીરાજ શ્રીહરિએ સૂકાએલા ઝાડના પાંદડા લીલા કર્યા હતા તે જર્જરીભૂત વૃક્ષ હાલ પણ છે અને તેના અમુક ડાળી પાંદડા લીલા છે. ઉમાનંદોના તડાકા સાથે ફાટેલું શિવલીંગ પણ હાલ ત્યાં છે અને શ્રીહરિએ કહ્યું હતું તે મુજબ આજે પણ ત્યાં હજારોની સંખ્યામાં લોકો માટીની માતાજીની મૂર્તિ બનાવી તેની આગળ શ્રીફળ વધેરે છે. લોકોની શ્રદ્ધા માતાજી પૂર્ણ કરે છે.

પછી તે માટીની મૂર્તિઓ લોકો કાલિકા આશ્રમની પાસે સ્કુલના મેદાનમાં આવીને મૂકી જતા. તે વરસાદના પાણીથી ઓગળતી હોવાથી ત્યાં ઘણું પ્રદુષણ થતું. એટલે ત્યાંની સરકારે તે મૂર્તિઓ સ્વયં રીતે વિસર્જન કરવાનો લોકોને આદેશ કરેલો, ત્યાંના આદિવાસી લોકો ગમે ત્યાં ઝાડ નીચે મુકી દેતા. એટલે પ્રદૂષણને કારણે રોગચાળો થતો. તેથી અત્યારે આસામ સરકારે બ્રહ્મપુત્રા નદીના કિનારે સુંદર ઘાટ બનાવી તેનું વ્યવસ્થિત રીતે વિસર્જન થઈશકે તેવી વ્યવસ્થા કરેલી છે. અને તે સમયે જ્યાં માયાકુંવર રહેતી તે સ્થળે હાલ આશ્રમ છે અને તે જે જગ્યાએ સૌને ભણાવતી એ જગ્યાએ સ્કુલ બનાવેલી છે.

પછી શ્રીહરિના કહેવાથી ઉનાવા ગુજરાતથી આવેલા તે ત્રણેય જણાએ માયાકુંવરની રજા લીધી. ત્યારે માયાએ જીવા રાવલને કહ્યું, ''ખરેખર જોગી હતા તે ઈશ્વર અંશી હતા. મેં તમને ભાઈ માન્યા છે. માટે જો ફરી તમને તેમનો ભેટો થાય તો મને સમાચાર આપજો. મારે તેમને સેવવા છે. મારા પિતા તો સત્યનો માર્ગ ભૂલી ગયા હતા. ઈશ્વરકૃપાથી તેમને હવે સાચું સમજાયું. પછી રામાનંદ સ્વામીની ચરણરજ જીવા રાવલે તેમને આપી તેથી માયાને પરમ શાંતિની અનુભૂતિ થઈ.

પછી જતી વખતે જીવા રાવલે કહ્યું, ''હે બહેન ! કાંઈ દુઃખ આવે તો તમો ગુજરાતમાં આવજો. એ જોગી જતી વખતે અમને વરદાન આપતા ગયા છે કે, ''હું તમારે ગામ આવીશ. માટે તે જરૂર આવશે.'' પછી માયા પાસેથી રજા લઈ જીવા રાવલ, મનહર બારોટ અને કરસન પટેલ તે ત્રણે જણા ઉનાવા પરત આવ્યા.

ઉંમર થતા તેમને પોતાના ધર્મના ભાઈઓ તથા નિલકંઠવર્ણી જોગી યાદ આવ્યા અને ભાઈએ કહ્યું હતું કે, જોગી જરૂર ગુજરાતમાં પધારશે. માટે તેમનો પણ યોગ થાય તો મારા નસીબ ગણાય, આવા વિચારો અંતરમાં ધોળાવા લાગ્યા. પછી ગુજરાતમાં આવવાનો સુદૃઢ નિશ્ચય કર્યો. પોતાની પદ-પ્રતિષ્ઠા તથા સંપત્તિનો અંતરથી ત્યાગ કરી થોડા માણસો લઈ તેની સાથે માયા ગુજરાતમાં આવી. ખોળતી ખોળતી ઉનાવા ગામે પહોંચી.

કરસન પટેલે રળીયાતબાને ઉનાવા આવેલા પિબૈકની દીકરી માયાકુંવરની ઓળખાણ કરાવી. તેથી બાએ તેને પોતાની પાસે રાખી. તે સમયે ભલામયાંગના આશ્રમની જેમ જ તે તેમને શાકાહારી સુંદર ભોજન રાંધીને જમાડતી હતી. સેવામાં મદદ કરતી. બાએ તેમને સ્વામિનારાયણ ભગવાનની મહિમાની વાતો કરી. ત્યારે માયા કહે, ''એ ભગવાનના દર્શન કરવાની મારા દિલમાં ઘણા સમયથી ઝંખના છે. પછી રળીયાતબાએ સ્વામિનારાયણ ભગવાનના એકવાર દર્શન કરાવ્યાં જે હરિએ પ્રથમ તેમને બાલાજોગીરૂપે દર્શન આપ્યા. તેથી આ ઈશ્વરનો જ અવતાર છે એવો તેને દૃઢ નિશ્ચય થયો.

રળીયાતબાએ શ્રીહરિની વિશેષ સેવા થાય એવા હેતુથી માયાને પોતાની મોટી બહેન જેતલપુરમાં રહેતા ગંગાબાને સોંપી. ગંગાબાનો યોગ થવાથી તેમને સંસારમાં અતિશય વિરક્તિ અને પ્રગટ પ્રભુમાં પૂર્ણ ભક્તિ પ્રગટી. ગંગામાની સાથે સત્સંગમાં વિચરણ કરતી. એકવાર શ્રીહરિએ સભામાં પિબૈક પરાજ્યની વાત કરીને દીકરી માયાની ઓળખાણ કરાવી હતી. શ્રીહરિ સ્વધામ પધાર્યા પછી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના ધર્મપત્ની (ગાદીવાળાશ્રી) સુનંદાદેવીની સેવામાં માયાએ પોતાનું છેલ્લું જીવન શ્રીહરિની ખૂબજ ભક્તિ કરીને વ્યતિત કર્યું.

# ॥ અથ રુચિરાષ્ટકમ ॥

- શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસ (અમદાવાદ)

**પરમાદ્ભુતદિવ્યવપુ રૂચિરં રૂચિરૈંઘ્રિતલેંગુલયો રૂચિરાઃ ।**
**નખમંડલમિંદુનિભં રૂચિરં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧॥**

નિત્યાનંદ સ્વામી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે. તે કેવું છે તો દર્શન કરનારાને મન હ્રદયમાં અત્યન્ત રૂચિકર એક અવયવમાં તેનું ચિત્ત નિમગ્ન થાય છે. એવું પરમ કે જ્યાં કોઈની કલ્પના પણ ન પહોંચી શકે તેવા પરથી પણ પર એવું અદ્ભુત જેમનું દિવ્ય શરીર છે જે દર્શન કરતાં જ અન્તઃકરણમાં ગમી જાય છે. અર્થાત રૂચિકર છે. હવે એક એક અવયવની વાત લખતા કહે છે. તે પરમાત્માના ચરણના બેય તળામાં રહેલાં સોળ ચિન્હ મારા હ્રદયમાં અતિ રૂચિ ઉત્પન્ન કરે છે. તેવી જ રીતે તે બન્નેય ચરણની આંગળીયો જોતાં જ તેમાં રૂચિ થાય તેવી છે. તે બન્નેય ચરણની આંગળીયોના નખનું વર્તુલાકાર મંડળ પૂર્ણિમાના ચંદ્રની જેમ તેજસ્વી શાન્ત શિતળતા આપે છે જે ચિત્તમાં રૂચિકર લાગે છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તરતયામી પરબ્રહ્મ પરમાત્માના તેની નિયન્તા છે તેથી જ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત્ જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**પ્રપદે રૂચિરે પ્રસૂતે રૂચિરે મૃદુજાનુયુગં રૂચિરં રૂચિરમ્ ॥**
**કરિહસ્તનિભોરૂયુગં રૂચિરં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૨॥**

તે પરમાત્મા શ્રીહરિના દિવ્યસ્વરૂપના ચરણારવિંદના પોંચા અતિરૂચિર છે. અને ચરણની ઘૂંટી અને તળાઓ પણ અતિશે રૂચિકર છે. તેમજ અતિકોમલ એવા બન્નેય ગોઠણો અન્તઃકરણને રૂચિ ઉત્પન્ન કરે છે. હાથીના હાથ અર્થાત્ સૂંઢના જેવા મજબુત દેખાતા બન્નેય સાથળો રૂચિપ્રદ છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથી જ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત્ જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**કટિપુષ્ટનિતંબયુગં રૂચિરં નતનાભિકજં જઠરં રૂચિરમ્ ।**
**મૃદુલૌ સ્તનનીલમણીરૂચિરૌ રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૩॥**

શ્રીહરિની કેડ્ય અને જાડા મોટા બેય નિતંબ રૂચિર છે. ઊંડી કમળાકાર નાભી અને કોમળ પેટ ચિત્તમાં રૂચિ જાય તેવા છે. અને મૃદુલ કહેતાં કોમળ સુંવાળા નીલમણી જેવા ચમકતા બેય સ્તન અતિ રૂચિર છે. રૂચિર જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથી જ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**હ્રદયં રૂચિરં પૃથુતુંગમુરઃ સ્થલહંસયુગં રૂચિરં રૂચિરૌ ।**
**કરભૌ કરકંજતલે રૂચિરે રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૪॥**

શ્રીહરિ મહારાજનું હ્રદય સ્થળ બહુજ રૂચિકર છે અને ઉપડતી અને મજબુત વિશાળ છાતી ઉપર બન્નેય હાંસડીઓ અતિશે રૂચિકર છે. બેય કરકમળના કરભો અને બેય હાથની કમળ જેવી હથેળીઓ અત્યન્ત રૂચિપ્રદ છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તરયામિ પરબ્રહ્મ પરમાત્મા તેમના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**ભુજદંડયુગં રૂચિરં ચિબુકં વિધુમોદકરં વદનં રૂચિરમ્ ।**
**રસના રૂચિરા દશના રૂચિરા રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૫॥**

શ્રીજી મહારાજના બેય ભુજદંડ અન્તઃકરણમાં રૂચિ ઉત્પન્ન કરે છે અને તેમની દાઢી અને પૂર્ણિમાના ચન્દ્રસમાન આનંદ આપનાર મુખારવિંદ જોનારને દર્શન કરવાની રૂચિ કરે છે. તે શ્રીહરિની રસના જીહ્વા જીભ અને દાડમના બીજ જેવી દાંતોની હાર અતિશે રૂચિર દેખાય છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે

**જલજોપકંઠશિરો રૂચિરં તિલપુષ્પનિભા સુનસા રૂચિરા ।**
**અધરૌ રૂચિરાવર્ક્કં રૂચિરં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૬॥**

મહારાજનો કંઠ સાગરમાંથી ઉત્પન્ન થયેલ શંખના આકાર જેવો અને સુંદર મસ્તક મનગમતુ રૂચિર છે. તલના વૃક્ષના પુષ્પ જેવી દેખાતી નાસિકા અર્થાત્ નાક શ્રેષ્ઠ

રૂચિકરનાર છે. બન્નેય સુંદર હોઠ અને જીણો મૂછનો દોરો ઘણોજ રૂચિપ્રદ છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**અરૂણે ચપલે નયને રૂચિરં સ્મરચાપનિભે મુનિશાન્તિકરૌ।**
**ભૃકુટી રૂચિરે શ્રવણૌ રૂચિરૌ રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૭॥**

શ્રીહરિના ચપળનેત્ર પ્રાતઃકાળે ખીલી ઉઠેલા કમળના જેવા રંગવાળા અતિ રૂચિર છે. કામદેવના બાણ જેવા દેખાતા તો પણ મુનિઓને હૃદયમાં શાંતિ આપનારી ભૃકુટી અતિ રૂચિકર છે. તેમજ બન્નેય કાન રૂચિ ઉત્પન્ન કરે છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**હરિચંદન ચર્ચિતમંગમમલં તિલકં રૂચિરં કુસુમાભરણમ્ ।**
**બહુશસ્તિલકા રૂચિરાશ્ચિકુરા રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૮॥**

શ્રીજી મહારાજના ચંદન ચર્ચિત કરેલાં અંગો અને કપાળમાં સુંદર સ્વચ્છ તિલક રૂચિકર છે. અને પુષ્પોથી સજ્જ કરેલાં આભુષણો રૂચિકર છે. શ્રીજી મહારાજના શરીરે ઘણાં તલ પણ રૂચિકર છે. તેવીજ રીતે અનેક ચિન્હો પણ રૂચિકર છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**સિતસૂક્ષ્મઘનં વસનં રૂચિરં મુનિરંજનકં વચનં રુચિરમ્ ।**
**અવલોકનમાભરણં રૂચિરં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૯॥**

શ્રીજી મહારાજે ધારણ કરેલાં સૂક્ષ્મ અને ઘાટા સફેદ વસ્ત્રો હૃદયને રૂચિકર છે. મહારાજના મુનિઓને આનંદ આપનારા ઉપદેશના વચનો પણ એવા જ રૂચિપ્રદ છે. મહારાજનું ભક્તોના સામે જોવું રૂચિકર લાગે છે. અને સુવર્ણના વિવિધ ઘરેણાઓ પણ રૂચિ ઉત્પન્ન કરે છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**સ્પનં રૂચિરં તરણં રૂચિરં ભરણં રૂચિરં શરણં રૂચિરમ્ ।**
**રમણં રૂચિરં શ્રવણં રૂચિરં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૦॥**

શ્રીજી મહારાજ જ્યારે પણ નદી કે સરોવરમાં સ્નાન કરે છે તે પણ રૂચિકર છે. સરોવર કે નદીમાં તરે છે તે પણ રૂચિકર છે. સ્નાન કરવા માટે હાથમાં લોટો લઈને પાણી ભરે છે તે અતિ રૂચિકર છે. મહારાજનું શરણું સ્વીકારવું તે પણ રૂચિકર છે. મહારાજ સંતો કે ભક્તો સાથે રંગ રમવું વિગેરે ક્રિડા કરે છે તે પણ રૂચિપ્રદ છે અને મહારાજની વાણી રૂપ ઉપદેશ સાંભળવો પણ રૂચિકર છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**કથનં રૂચિરં સ્મરણં રૂચિરં મનનં રૂચિરં સ્તવનં રૂચિરમ્।**
**વિનયો રૂચિરો ઘટનં રૂચિર રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૧॥**

શ્રીજી મહારાજ જે પણ કહે છે તે રૂચિર છે. તેમનું સ્મરણ કરવું તે પણ અતિ રૂચિકર છે. મહારાજની મૂર્તિનું મનન કરવું તેવું જ રૂચિરપ્રદ છે. મહારાજની સ્તુતિ કરવી, પ્રાર્થના કરવી અષ્ટક કે કીર્તન બોલવા તે પણ અતિ રૂચિ ઉત્પન્ન કરે છે. મહારાજનો વિનયપૂર્વકનો સર્વ વ્યવહાર રૂચિકર છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**અશનં રૂચિરં મુખવાસ ઈહાચમનં રૂચિરં નમનં રૂચિરમ્ ।**
**જલપાનમહો રૂચિરં શયનં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૨॥**

શ્રીજી મહારાજ ભોજન ગ્રહણ કરે છે જમે છે તે પણ રૂચિકર છે. જમ્યા પછી મુખવાસ આરોગે છે અને આચમન કરે છે તે અતિ રૂચિપ્રદ છે. મહારાજ દેવોની મૂર્તિ સન્મુખ નમસ્કાર કરે છે તે પણ અતિ રૂચિર છે. દિવસમાં જ્યારે પણ પાણી પીવે છે તે પણ રૂચિકર છે. રાત્રે આરામ કરે છે. શયન કરે સૂવે છે તે પણ રૂચિકર છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**ગમનં રૂચિરં દમનં રૂચિરં શમનં રૂચિરં જપનં રૂચિરમ્ ।**
**તપનં રૂચિરં યજનં રૂચિરં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૩॥**

શ્રીજી મહારાજનું દેશાન્તરોમાં ગમન કરવું જવું તે રૂચિર છે. દેહનું દમન કરે છે તે રૂચિર છે. ઈન્દ્રિઓનું શમન કરે છે તે પણ રૂચિર છે. હાથમાં માળા રાખીને જપ કરે છે તે રૂચિર છે. વ્રતના દિવસે અથવા કોઈ નિમિત્તે ઉપવાસ કરીને તપ કરે છે તે પણ રૂચિર છે. મહારાજ જેતલપુર ડભાણ વિગેરે સ્થાનોમાં મોટ મોટા યજ્ઞો કરે છે તે પણ રૂચિપ્રદ છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**હવનં રૂચિરં યમનં રૂચિરં ભજનં રૂચિરં ત્યજનં રૂચિરમ્ ।**
**ભવનં રૂચિરં સદનં રૂચિરં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૪॥**

શ્રીજી મહારાજ મોટા યજ્ઞોમાં હોમ કરે છે તે પણ રૂચિર છે. હઠ યોગના પ્રથમ અંગ સમાન યમન કરે છે તે પણ રૂચિર છે. તાળી પાડીને ભજન કરે છે તે પણ રૂચિર છે. મહારાજનો ત્યાગ રૂચિર છે. શ્રીજી મહારાજનું ધામ જે અક્ષરધામ તે પણ રૂચિર છે. અને મહારાજનું નિવાસ સ્થાન જે રંગમહોલ અને અક્ષર ઓરડી વિગેરે સ્થાન પણ રૂચિર છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**જનની રૂચિરા જનકો રૂચિરં સ્વજના રૂચિરા મુનયો રૂચિરાઃ।**
**બટવો રૂચિરાં પદગા રૂચિરા રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૫॥**

શ્રીજી મહારાજને આ દેહને જન્મ આપનારા માતા ભક્તિદેવી રૂચિર છે. અને પિતા ધર્મદેવ રૂચિર છે. મહારાજના કુટુંબીજનો ભાઈઓ વિગેરે રૂચિર છે. મહારાજના દીક્ષીત પરમહંસો મુનિઓ રૂચિર છે. મહારાજના દીક્ષીત બ્રહ્મચારીઓ રૂચિર છે. મહારાજના પાર્ષદો રૂચિર છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**અવનં રૂચિરં રૂચિરં રચનં હરણં રૂચિરં રૂચિરં કરણમ્ ।**
**પઠનં રૂચિરં રૂચિરં રટનં રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૬॥**

શ્રીજી મહારાજનું દેશાન્તરોમાંથી આવવું રૂચિર છે. મહારાજે સંપ્રદાયની રચના કરી શિક્ષાપત્રીની રચના કરી તે પણ રૂચિર છે. મહારાજ પોતાના ભક્તોના કષ્ટોને દૂર કરે છે હરે છે તે પણ રૂચિર છે. મહારાજના બધા જ કાર્યો રૂચિર છે. મહારાજ વાંચન કરે છે પઠન કરે છે તે પણ રૂચિર છે. મહારાજ મંત્ર કે શ્લોકનું રટન કરે છે તે પણ રૂચિર છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**વચનં રૂચિરં દૃઢભક્તિવિરાગસદાચરણં રૂચિરં રૂચિરાઃ ।**
**પરિષન્નિજભક્તજના રૂચિરા રૂચિરાધિપતેરખિલં રૂચિરમ્ ॥૧૭॥**

શ્રીજી મહારાજે આપેલાં ભક્તોને મોક્ષ આપવાના વચનો રૂચિર છે. મહારાજની દ્રઢ ભક્તિ અને વૈરાગ્ય તેમજ સદાચાર રૂપી શ્રેષ્ઠ આચરણ રૂચિર છે. શ્રીજી મહારાજની સભામાં પોતાના ભક્તજનો રૂચિર છે. રૂચિ જીવના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય છે અને અન્તઃકરણના અધિપતિ અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા તેના નિયન્તા છે તેથીજ જીવની રૂચિના અધિપતિ એવા પરમેશ્વરનું સર્વ રૂચિર જ છે અર્થાત જીવમાત્રનું કલ્યાણ કરનાર છે.

**હરિકૃષ્ણમુદારમનન્તમજં પ્રણતાર્તિહરં જલદાભતનુમ્ ।**
**કરૂણાર્દ્રદૃશં વૃષભક્તિસુતં નમનં વિદધે સુચિરં રૂચિરમ્ ॥૧૮॥**

નિત્યાનંદ મુનિ કહે છે આ મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ જેમનું નામ માર્કેડેય મુનિએ હરિકૃષ્ણ એવું નામ પાડ્યું છે તેઓ ઉદાર મૂર્તિ છે. અજન્મા છે. અનંત છે. તેમના ગુણોનો કે કાર્યોના કોઈ છેડો નથી. શરણાગતના સર્વ પ્રકારના દુઃખોનો નાશ કરનારા છે. મેઘ સમાન શ્યામ વર્ણના શરીર વાળા છે. ભક્તો ઉપર કરૂણા મય દ્રષ્ટિ વાળા છે. એવા ધર્મદેવ અને ભક્તિમાતાના પુત્ર ને જે નમસ્કાર કરે છે તે પણ લાંબા સમય સુધી રૂચિકર થઈ જાય છે.

**ઈદમર્થભૃતં મુનિનિત્યકૃતં રૂચરં સ્તવનં જનપાવનમ્ ।**
**શ્રુતમાત્રમનોમલનાશકરં જનતાપહરં ભવતીષ્ટકમ્ ॥૧૯॥**

આ નિત્યાનંદ મુનિએ રચેલ ગૂઢ અર્થથી ભરેલું સ્તોત્ર અષ્ટક જીવમાત્રને પાવન કરનાર છે. સાંભળવામાત્રથી મનના મેલને દૂર કરનાર છે. જીવમાત્રના જન્મમરણના તાપને નાશ કરે છે.

# હિમાલયની ગોદમાં પુણ્યભૂમિ ઋષિકેશના આંગણે શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ

- શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસ
(કોટેશ્વર ગુરુકુળ)

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી તથા અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી પુણ્ય ભૂમિ ઋષિકેશના આંગણે આપણા કાલુપુર મંદિર દ્વારા તા. ૧-૭-૨૦૧૬ થી તા. ૭-૭-૨૦૧૬ પર્યંત સુંદર શ્રીમદ્ સત્સંગિજીવન કથાનું આયોજન કરવામાં આવેલ. અમદાવાદથી લગભગ ૭૦૦ હરિભક્તોને રેલ્વે-વિમાન દ્વારા ત્યાં પહોંચીને ૭ દિવસ સુધી રહેવા પ્રસાદ સહિતની તમામ વ્યવસ્થા ઉત્તમ રીતે કરવામાં આવી હતી. ઋષિકેશમાં ગંગાપાર આવેલા શ્રી વાનપ્રસ્થાશ્રમ (કાલીકમલીવાલા પંચાયત ક્ષેત્ર)માં હિમાલયની તળેટીમાં અને ગંગાજીના પાવન સાનિધ્યમાં ૭ દિવસ ક્યાં વીતી ગયા એની કોઈને ખબર જ ન રહી ! કથાની સાથો સાથ દરરોજ સવારે ગંગાતટે મહાપૂજા તથા દરરોજ સાંજે ગંગા-આરતીનો પણ મંગળલાભ સર્વ સંતો-ભક્તોએ લીધો હતો. કથા દરમિયાન ઘનશ્યામ જન્મોત્સવ, શ્રીહરિ ગાદી પટ્ટાભિષેક, સોમવતી અમાસ, ગંગા સ્નાન તથા રથયાત્રાના મંગળપર્વો પણ ધામધૂમથી ઉજવાયા હતા.

કથા દરમિયાન પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ), પૂ. દેવ સ્વામી (નારાયણઘાટ), પૂ. પુરુષોત્તમપ્રકાશદાસજી સ્વામી (ગાંધીનગર), પૂ. હરિચરણ સ્વામી, પૂ. સિદ્ધેશ્વર સ્વામી, પૂ. મુનિ સ્વામી, પૂ. કુંજવિહારી સ્વામી, પૂ. દિવ્યપ્રકાશ સ્વામી આદિ સંતો સાતે સાત દિવસ ઉપસ્થિત રહી સુંદર માર્ગદર્શન-સહયોગ તથા આશીર્વચનનો લાભ આપ્યો હતો.

કથાના યજમાન પદમાં શ્રી અરવિંદભાઈ દોંગા પરિવાર, શ્રી સંજયભાઈ તથા જયેશભાઈ પરિવાર (અમેરિકા), શ્રી રતિભાઈ પટેલ પરિવાર આદિ ભક્તોએ સુંદર લાભ લીધો હતો.

શ્રી જયરામભાઈ કાનાણી, શ્રી રતિભાઈ પટેલ, શ્રી રમેશભાઈ કોઠારી, શ્રી અમૃતભાઈ પટેલ આદિ ભક્તોએ ખૂબ જહેમત ઉઠાવી સુંદર સગવડતા સૌ સંતો-ભક્તોને પુરી પાડી હતી.

સમગ્ર આયોજનમાં આપણા હરિદ્વાર મંદિરના મહંત સ્વામી શ્રી મુકુંદ સ્વામીએ ખૂબ સહયોગ પુરો પાડ્યો હતો.

આવા આયોજનો આવા પવિત્ર સ્થાનોમાં નિરંતર આપણા મંદિર દ્વારા થતા જ રહે એવા સુંદર આશીર્વાદ પૂ. આચાર્ય મહારાજશ્રીએ પાઠવ્યા હતા.

**અન્ય સેવાઓના યજમાનશ્રીઓની નામાવલિ**

**ફુલહારની સેવા :** સમસ્ત સમાજ ગાંધીનગર

**ઘનશ્યામ જન્મોત્સવ :** દિલીપભાઈ લવજીભાઈ ઠક્કર (દિયોદર)

**રથયાત્રાના યજમાન :** જશવંતભાઈ મોદી પરિવાર (અમદાવાદ)

**સુંદરકાંડના :** જયરામભાઈ કાનાણી (અમદાવાદ)

**ઠાકોરજીના અભિષેકના :** અરવિંદભાઈ દોંગા પરિવાર (અમદાવાદ)

**ગાડીના :** ભીખાભાઈ (ઝુંડાલવાળા) તથા વિષ્ણુભાઈ (ઘુંઘટ હોટલવાળા)

**હરિભક્તોની રસોઈના યજમાનશ્રીઓની નામાવલિ**

**તા. ૦૧-૦૭-૨૦૧૬ બપોરની રસોઈના યજમાનશ્રી :** (૧) ચંદ્રપ્રકાશ ચુનીલાલ પટેલ (રાણીપવાળા)

**સાંજની રસોઈના યજમાનશ્રી :** (૧) અંબાલાલ કોદરદાસ પટેલ (ગવાડાવાળા) હ. વિનુભાઈ અંબાલાલ

**તા. ૦૨-૦૭-૨૦૧૬ બપોરની રસોઈના યજમાનશ્રી :** (૧) જશવંતભાઈ મોદી પરિવાર (અમદાવાદ)

**સાંજની રસોઈના યજમાનશ્રી :** (૧) બિપીનભાઈ સોની પરિવાર (અમદાવાદ)

**તા. ૦૩-૦૭-૨૦૧૬ બપોરની રસોઈના યજમાનશ્રી :** (૧) અ.નિ. તુલસીભાઈ નાગરદાસ પટેલ તથા વાસુદેવભાઈ નાગરદાસ પટેલ - હ. પ્રભાબેન તથા લીલાબેન

**સાંજની રસોઈના યજમાનશ્રી :** (૧) શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ હ. અમૃતભાઈ પટેલ તથા જગદીશભાઈ કાળીદાસ દરજી

**તા. ૦૪-૦૭-૨૦૧૬ બપોરની રસોઈના યજમાનશ્રી :** (૧) ઈલાબેન પટેલ (સોજા-મણીનગર)

**સાંજની રસોઈના યજમાનશ્રી :** (૧) વિનુભાઈ પોપટભાઈ પડસાળા (બાપુનગર), (૨) મેમનગર સત્સંગ સમાજ (ભક્તિનગર), (૩) હર્ષદભાઈ રામભાઈ પટેલ હ. મિતુલ (અમદાવાદ), (૪) અકોલીયા પરિવાર (અરવિંદભાઈના સાસરી પક્ષના)

**તા. ૦૫-૦૭-૨૦૧૬ બપોરની રસોઈના યજમાનશ્રી :** (૧) ગંગારામભાઈ મહાદેવભાઈ પટેલ (મેમનગર-અમદાવાદ) હ. ઈશ્વરભાઈ, નટવરભાઈ, ગણપતભાઈ

**સાંજની રસોઈના યજમાનશ્રી :** (૧) અ.નિ. શાંતાબેન વાલજીભાઈ કોઠારી પરિવાર (ગવાડા) હ. કોકીલાબેન રમેશભાઈ કોઠારી તથા નિધિ કોઠારી

**તા. ૦૬-૦૭-૨૦૧૬ બપોરની રસોઈના યજમાનશ્રી :** (૧) મહાલક્ષ્મી પરિવાર હ. ડાહ્યાભાઈ બાભાઈદાસ પટેલ તથા ગોવિંદભાઈ બાભાઈદાસ પટેલ

**સાંજની રસોઈના યજમાનશ્રી :** (૧) અ.નિ. વલ્લભભાઈ ભુરાભાઈ નસીત હ. નરસિંહભાઈ તથા પ્રવિણભાઈ, (૨) ગવાડા સત્સંગી ભાઈઓ-બહેનો તથા અન્ય ગામોના સત્સંગીઓ તરફથી હ. રમેશભાઈ કોઠારી

**તા. ૦૭-૦૭-૨૦૧૬ બપોરની રસોઈના યજમાનશ્રી :** (૧) સુરેશભાઈ મહાસુખલાલ સોની પરિવાર હ. દિપલભાઈ તથા નેહલભાઈ

**સંતોની રસોઈના યજમાનશ્રીઓની નામાવલિ**

**તા. ૦૧-૦૭-૨૦૧૬ :** (૧) અંબાલાલ કોદરદાસ પટેલ (ગવાડાવાળા) હ. વિનુભાઈ પટેલ

**તા. ૦૨-૦૭-૨૦૧૬ :** (૧) અ.નિ. કાંતિભાઈ મોતીભાઈ પટેલ (ગાંધીનગર) હ. કાંતાબેન, (૨) ગં.સ્વ. શકરીબેન અંબાલાલ પટેલ તથા રમીલાબેન રમેશભાઈ પટેલ (નારાયણઘાટ), (૩) ભીખુભાઈ મોહનભાઈ પટેલ (વેજલપુરવાળા - અમદાવાદ), (૪) બિપીનભાઈ સોની પરિવાર (અમદાવાદ)

**તા. ૦૩-૦૭-૨૦૧૬ :** (૧) કનુભાઈ પી. પટેલ (કલ્યાણપુરાવાળા - માણસા), (૨) અ.નિ. કાંતિભાઈ મોતીભાઈ પટેલ (અંબાપુર - ગાંધીનગર), (૩) અ.નિ. સંતોકબેન જીવણલાલ પટેલ (આજોલવાળા) હ. રમેશભાઈ તથા સીતાબેન, (૪) પ્રવિણભાઈ દેસાઈ, મધુભાઈ ગેવરીયા, ચતુરભાઈ કોટડીયા (કાનાણી ગૃપ), (૫) શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ હ. અમૃતભાઈ તથા જગદીશભાઈ કાળીદાસ દરજી

**તા. ૦૪-૦૭-૨૦૧૬ :** (૧) શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની, (૨) મેમનગર સત્સંગ સમાજ (ભક્તિનગર), (૩) નવિનચંદ્ર નટવરલાલ ચોકસી (અમદાવાદ), (૪) અ.નિ. પ્રવિણચંદ્ર બાબુલાલ પટેલ (અમદાવાદ), (૫) મગનભાઈ તથા ઘનશ્યામભાઈ સુહાગીયા (અમદાવાદ), (૬) ઈલાબેન હર્ષદભાઈ પટેલ (અમદાવાદ) હ. મિતુલ, (૭) ચંદ્રિકાબેન વિનોદભાઈ પટેલ (મેમનગર - અમદાવાદ), (૮) પરસોતમભાઈ તથા ચંપાબેન તથા કહુંબાબેન (બાપુનગર - અમદાવાદ), (૯) માવજીભાઈ આંબાભાઈ ધડુક (અબ્રાહ્મપુરા - અમરેલી), (૧૦) અ.નિ. કુંવરબેન પરસોતમભાઈ દેસાઈ હ. દાસભાઈ, (૧૧) બટુકભાઈ નારણભાઈ માંગુકીયા હ. દાસભાઈ, (૧૨) વસંતીબેન કૃષ્ણકાંતભાઈ પટેલ (મેઘરાજવાળા - અમદાવાદ), (૧૩) ધીરુભાઈ સોરઠીયા ગ્રુપ (એપ્રોચ - બાપુનગર), (૧૪) રમણભાઈ ચતુરભાઈ પટેલ હ. સુમનભાઈ (સાબરમતી), (૧૫) મહેન્દ્રભાઈ છોટાભાઈ પટેલ હ. સુમનભાઈ (સાબરમતી), (૧૬) સમસ્ત સત્સંગ મંડળ (શ્રી સ્વામિનારાયણ મંદિર પોર)

**તા. ૦૫-૦૭-૨૦૧૬ :** (૧) પટેલ બાબુભાઈ કચરાદાસ (વિહારવાળા), (૨) લીલાબેન જયરામભાઈ કાનાણી (અમદાવાદ), (૩) મનસુખભાઈ ઝવેરભાઈ પટેલ હ. અમિતાબેન, (૪) પરસોતમભાઈ બચુભાઈ રાદડીયા (બાપુનગર), (૫) ભાવનાબેન મગનભાઈ લહેરી (બાપુનગર), (૬) મંજુલાબેન રાજુભાઈ ગજેરા (બાપુનગર), (૭) મધુબેન વિનયકાંત ખૂંટ (બાપુનગર), (૮) ભાવનાબેન રમેશભાઈ કાપડીયા (બાપુનગર), (૯) દલસુખભાઈ ઠાકરસીભાઈ હ. કનુભાઈ, (૧૦) વલ્લભભાઈ પોપટભાઈ ખીચડીયા હ. મહેન્દ્રભાઈ (બાપુનગર)

**તા. ૦૬-૦૭-૨૦૧૬ :** (૧) અ.નિ. ભોળાભાઈ બેચરભાઈ પટેલ (વિહારવાળા) હ. હરિકૃષ્ણભાઈ, (૨) અ.નિ. વલ્લભભાઈ ભુરાભાઈ નસીત હ. નરસિંહભાઈ તથા પ્રવિણભાઈ, (૩) અ.નિ. બેચરભાઈ શિવરામભાઈ પટેલ (આજોલવાળા) હ. ગોપી ઈલેક્ટ્રોનિક (મહેસાણા) હ. સુશીલાબેન, (૪) ગં.સ્વ. રૂખીબેન અંબાલાલભાઈ કોદરદાસ પટેલ હ. મણીબેન તથા પુરીબેન (ગવાડાવાળા), (૫) અ.નિ. ફરસુરામભાઈ છગનભાઈ ત્રિવેદી હ. સુરેશભાઈ ત્રિવેદી, (૬) શ્રી ઘનશ્યામ મહિલા મંડળ - નારાયણઘાટ, (૭) શ્રી સ્વામિનારાયણ મંદિર - નવા વાડજ, (૮) અ.નિ. બેચરભાઈ ગોબરદાસ પટેલ (ગવાડા) હ. નારણભાઈ તથા નટુભાઈ, (૯) ગીતાબેન દિનેશભાઈ તથા હરિભક્ત બહેનો (નારાયણઘાટ)

**તા. ૦૭-૦૭-૨૦૧૬ :** (૧) રમેશભાઈ અંબાલાલ પટેલ (કુડાસણવાળા - ગાંધીનગર) હ. સુશીલાબેન

**સમસ્ત સત્સંગ જોગ**

સમસ્ત હરિભક્તોને ખાસ સૂચન છે જે, આપ કોઈપણ શિખરબધ્ધ મંદિરમાં વસ્તુ, પદાર્થ, રોકડ કે કોઈપણ સ્વરૂપે ભેટ રૂપે આપો તો તેની જે તે મંદિરની પાકી પહોંચ અવશ્ય લેવી. પહોંચ વગર ભેટ આપવી તે શ્રીજી મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન થાય અને આપણે દોષમાં પડીએ જેથી કોઈ પણ મંદિર સંસ્થામાં જે કાંઈ ભેટ આપો તેની પાકી પહોંચ લેવાનો આગ્રહ રાખવો. તેવું ખાસ સૌ હરિભક્તોને સૂચન છે. -આજ્ઞાથી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી




આ વર્ષે વરસાદે અમદાવાદને બહુ રાહ જોવરાવી પણ મ્યુઝિયમમાં રહેલ પુસ્તકો અને ચિત્રોની જાળવણી કરવાની બાબતમાં રાહ જોવી હિતાવહ નહીં લાગતા સવાબસ્સો વર્ષ પહેલાના શ્રીજી મહારાજના સમયના અને આપણા નંદ સંતોએ પુસ્તકને અનુરૂપ કલાકારીના ઉત્તમ નમૂનારૂપ ચિત્રો બનાવ્યા છે. જેના રંગો આજ દિન સુધી તાજા લાગે છે.તેની જાળવણીનું કામ પૂરજોશમાં આપણા મ્યુઝિયમ ખાતે ચાલી રહ્યું છે. પ.પૂ.આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.મોટા બાપજીની સૂચના અનુસાર કોઈપણ જાતના કેમિકલ નો ઉપયોગ કર્યા વગર આપણી પરંપરાગત ઔષધિઓમાંથી જ આ જાળવણીનું કામ મ્યુઝિયમમાં ચાલી રહ્યું છે. વળી તા. ૭-૮-૨૦૧૬ના રવિવારનાં રોજ મ્યુઝિયમમાં સમૂહ મહાપૂજા પણ રાખવામાં આવેલ. પવિત્ર શ્રાવણ માસમાં અને પ્રસાદીની વસ્તુ રૂપી શ્રીજી મહારાજના સાંનિધ્યનો આવો અનેરો લાભ લેવાનો હોઈ ઘણાંજ હરિભક્તો એ મહામૂલો લાભ લીધો હતો.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જુલાઈ - ૨૦૧૬

| | |
|---|---|
| રૂા. ૪૫,૦૦૦/- | અ.નિ. વિદ્યાકુમારી પાંડે ઉર્ફે બચીબેન હ. પ.પૂ. મોટા મહારાજશ્રી - શ્રી સ્વા. મંદિર, કાલુપુર, હવેલી |
| રૂા. ૧૧,૦૦૦/- | પાર્ષદ કાનજી ભગત - (જ્ઞાનબાગ) વડતાલ |
| રૂા. ૧૧,૦૦૦/- | ધીરજભાઈ કે. પટેલ - સાયન્સ સીટી-અમદાવાદ |
| રૂા. ૧૧,૦૦૦/- | અંબિકા રબ્બર ઈન્ડસ્ટ્રીઝ, દહેગામ |
| રૂા. ૫,૧૦૦/- | પ્રકાશ કાચા તથા ભાવિક ચૌહાણ - કાચા ટેલર્સ (યુ.કે.) |
| રૂા. ૫,૦૦૦/- | લતાબેન જીતેન્દ્રભાઈ પટેલ - અસલાલી |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ-અમદાવાદ |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - જુલાઈ - ૨૦૧૬

| | |
|---|---|
| તા. ૦૨-૦૭-૨૦૧૬ | શિલ્પાબેન વિપુલભાઈ પટેલ - અમેરિકા |
| તા. ૦૩-૦૭-૨૦૧૬ | સૌમિલભાઈ હસમુખભાઈ શાહ - અમેરિકા |
| તા. ૦૭-૦૭-૨૦૧૬ | રાહુલ જીતુભાઈ પટેલ - ભાઉપુરા |
| તા. ૧૯-૦૭-૨૦૧૬ | પારૂલબેન વિઠ્ઠલભાઈ પટેલ - કોલોનીયા |
| તા. ૨૪-૦૭-૨૦૧૬ | શિવાભાઈ રેવીદાસ પટેલ પરિવાર (વિમલ ગૃપ) - મહેસાણા |
| તા. ૨૫-૦૭-૨૦૧૬ | પટેલ રમેશચંદ્ર મગનલાલ, હળવદ (પૂ. ભક્તિહરિ સ્વામી (રણજીતગઢ શ્રીહરિકૃષ્ણ ધામ)ની પ્રેરણાથી |
| તા. ૩૦-૦૭-૨૦૧૬ | શ્રી નરનારાયણદેવ ભક્તિ મંડળ બહેનો (ચરાડવા) હ. સાં.યો. કંચનબા તથા હીરાબા - ધ્રાંગધ્રા |
| તા. ૩૧-૦૭-૨૦૧૬ | સવારે : અ.નિ. ડૉ. રમણલાલ મગનલાલ પટેલ પુણ્ય તિથિ નિમિત્તે (કુંડાળવાળા) હ. પરેશભાઈ પટેલ<br>સાંજે : ભરતભાઈ મંગળદાસ પટેલ - અમેરિકા, શાંતાબેન ભરતભાઈ પટેલ - અમેરિકા, કૃપાલ ભરતભાઈ પટેલ - અમેરિકા, મિતલબેન કૃપાલભાઈ પટેલ - અમેરિકા, કૃણાલભાઈ ભરતભાઈ પટેલ - અમેરિકા, જલપાબેન કૃણાલભાઈ પટેલ - અમેરિકા, |

### તા. ૫-૯-૨૦૧૬ ને સોમવારે ગણપતિ પૂજન

શ્રીજી મહારાજની આજ્ઞા અનુસાર ભાદરવા સુદી ચતુર્થીના દિવસે ગણપતિજીનું પૂજન કરવું તે મુજબ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં શ્રીજી મહારાજના કરકમળ વડે પૂજાયેલા શ્રી ગણપતિજીનું પૂજન તા. ૫-૯-૨૦૧૬ ને સોમવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

પૂજામાં સજોડે અથવા બે વ્યક્તિ રૂા. ૧૧૦૦/- ભરી બેસી શકશે. તથા પૂજામાં બેસનારે પ્રસાદ મ્યુઝિયમમાં લેવાનો રહેશે.

વધુ જાણકારી માટે મ્યુઝિયમ : ૦૭૯-૨૭૪૮૯૫૯૭ ● દાસભાઈ : ૯૯૨૫૦ ૪૨૬૮૬

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સત્સંગનું ગૌરવ સાચવો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાન અમદાવાદમાં બિરાજતા હતા. સભા ચાલુ હતી ત્યાં બે-ચાર હરિભક્તો આવ્યા. મહારાજ ! મહારાજ ! એક બહુ ખરાબ બાબત બની ગઈ છે. શુ બન્યું છે ? પ્રભુ ! અમે સાંભળ્યું છે કે કોઈ આપણા બે સંતોને પકડીને લઈ ગયા છે. કોણ લઈ ગયા હશે ! તપાસ તો કરો - ક્યાં લઈ ગયા હશે ! જ્યાં આમ વાત થતી હતી ત્યાં કોઈ ભાઈ આવ્યો. ઉદ્ધત જેવો દેખાતો હતો. એનું નામ અંબારામ, અને આવ્યો ત્યારે બોલતો આવ્યો કે - "મને ખબર છે." એના હાથમાં ત્રિશુળ હતું અને જય અંબે, જય અંબે બોલતો સભામાં આવ્યો. સભા ચાલું હતી અને વચ્ચે ગમે તેમ બોલવા માંડ્યો.

શ્રીજી મહારાજ કહે છે, આવો અંબારામ તમારે કહેવું છે શું ? તમે કેમ આટલા બધા ગરમ થઈ ગયા છો ? પણ આ અંબારામને કોણ જાણે શું થયેલું. શ્રીજી મહારાજની વાત સાંભળી જ નહી અને તરત જ કહે - હજું તો બે સાધુને જ ઉઠાવી ગયો છું, હવે કેટલાયને લઈ જઈશ. એટલે સભામાં ખબર પડી ગઈ. પગેરું મળી ગયું કે આપણા બે સંતો ગુમ થઈ ગયા છે એ આ અંબારામને કારણે.

પછી અંબારામ સભામાંથી બહાર નીકળ્યા એટલે બે હરિભક્તોએ જઈને પૂછ્યું. સાધુને ઘેર રાખવા છે ? એમને એમ રાખશો કે સાધુ પાસે કોઈ કામ કરાવવું છે, નોકરી કરાવવી છે કે ભાગીદારી. અરે હું તે કંઈ ઘરમાં ઘાલતો હઈશ ! એ તો આપી આવ્યો ગોમતીપુર જઈને અખાડામાં. હરિભક્તોને થયું ચાલો હવે અંબારામનું જે થવું હોય તે થાય, સાધુ ક્યાં છે એ સરનામું તો મળી ગયું. અંબારામને જતો કર્યો અને ભક્તોએ તપાસ કરી તો અખાડામાં બે સંતોને બાંધી રાખેલા. આ ભક્તોએ અખાડાના કર્મચારીને પૂછ્યું કે આ સાધુઓને કેમ બાંધી દીધા છે ? તો કહે એવા બાંધ્યા છે તે છૂટશે જ નહિ. મરી જાય ત્યાં સુધી નહી છોડે. કેમ કે આને સ્વામિનારાયણ ભગવાન સાથે દ્વેષ છે અને એમના આ સાધુ છે માટે.

અમદાવાદના હરિભક્તો હોંશિયાર. આમેય અમદાવાદનું નામ ઠીક ઠીક ગવાતું હોય છે. અમદાવાદીથી શરૂ થતી કહેવતોય બહુ હોય છે. અમદાવાદના સત્સંગીઓને એમ થયું કે સંતો માટે કંઈક તો કરવું પડે. ટાઢે પાણીએથી જો કામ પતતું હોય તો ગરમ પાણી શા માટે કરવું ! બન્ને સત્સંગીઓએ કંઠી કાઢીને ખિસ્સામાં મુકી દીધી. ભાલથી ચાંદલો ભૂંસી નાખ્યો. મોટું લાંબું ટીલું તાણી લીધું. ધોતીયું એવું સરસ પહેર્યું. હીરપૂરી પન્નાનું, લાંબો ઝબ્બો લીધો. પહેરણ પહેરી લીધું. શેઠ બની ગયા. એ વખતે અમદાવાદના શેઠીયાઓ આ રીતે રહેતા. બે ભક્તો શેઠ બન્યા એક નોકર જોડે લીધો. એ પણ ભક્તજ હતો પણ નોકર તરીકે લીધો. આ ત્રણે જણા અખાડામાં પહોંચી ગયા. શેઠ જોયા એટલે અખાડાવાળા પીગળી ગયા. શેઠજી આઈયે... આઈયે.... મહંતજીનું મિલન થયું. બોલો શેઠજી શું આજ્ઞા છે. મહંતજી ! રામજીની બહુ કૃપા છે અને લક્ષ્મીજીની બહુ દયા છે. ભંડારો કરવો છે. સારામાં સારો. અહીં કેટલી મૂર્તિ છે ? મૂર્તિઓ ચારસો છે. જય જયકાર સાથે ભંડારો કરો. અને ગમે એટલું ખર્ચ આવે એની ચિંતા નહીં. સારૂ, કાલી રોટી ધોલી દાલ, ધરમના કામમાં ઢીલ નહીં. કાલે જ કરીએ. સારૂં. પછી શેઠજી મકાન જોવા નિમિત્તે આંટો મારે છે. ત્યાં ખૂણામાં બે સંતોને થાંભલા જોડે હાથે પગે દોરડાં બાંધેલા જોયા. અને શેઠ એકદમ ગરમ થઈ ગયા. મહંતજી ! મારો કાલનો ભંડારો કેન્સલ. ક્યું શેઠ ? મેં તો નક્કી કર્યું છે કે જે જગ્યાએ સ્વામિનારાયણના સાધુ હોય ત્યાં ભેટ, દાન-ભંડારો કશું નહીં આપવાનું. આ તમારા મકાનમાં સ્વામિનારાયણના સાધુ છે. હવે અહીં મારે ભંડારો અપાય જ નહીં. નહીં નહીં વો તો નિકાલ દેંગે। ઓ ચેલા નિકાલો ઉસકો. શેઠજી વો તો ઐસેહી લાયે થે. એવું તમારે કાંઈ માઠું લગાડવું નહીં. ભંડારાની લાલચે બે સંતોને છોડી દીધા. અને શેઠને કહ્યું. જુઓ કાઢી મુક્યાને, હાં તો કાલનો ભંડારો પાકો.

બીજા દિવસે તો ત્યાં અખાડામાં શું માલપુવા બન્યા. માલપુવા ઉપર દૂધપાક રેલમછેલ ઉડી. પછી રાહ જોવા

માંડ્યા કે શેઠ હમણાં આવશે, હમણાં આવશે. પ્રસાદ માટેની છાબડીઓ તૈયાર કરી રાખેલી. અને બિલ તૈયાર કરી રાખેલું. પણ એ શેઠ ન આવ્યા ન આવ્યા તે હજુ સુધી ન આવ્યા. આજની તારીખમાંય એ ચોપડામાં ઉધાર ખાતે જ બોલે છે.

આ બાજુ છુટા કર્યા પછી બે સંતો દોડતા દોડતા સ્વામિનારાયણ ભગવાન પાસે આવ્યા. મહારાજે પૂછ્યું. સંતો બે દિવસથી તમે ગુમ થઈ ગયા હતા. મહારાજ ! અમને પકડીને અખાડામાં લઈ ગયા હતા. અને ત્યાં દોરડાંથી બાંધી દીધા હતા. અને બોલતા હતા કે આમને આમ રિબાવી રિબાવીને મારી નાંખવા છે. સંતો તમે કઈ રીતે છૂટ્યાં ? મહારાજ કોઈ બે શેઠીયા આવ્યા હતા અને એ એમ કહેતા હતા કે ભંડારો આપવો છે. પણ આ સ્વામિનારાયણના સાધુ હોય ત્યાં ન અપાય. એટલે પછી એ ભંડારાની લાલચે અમને છોડી મુક્યા. મહારાજ કહે એ શેઠીયા અત્યારે તમને મળે તો તમે એનું સન્માન કરો ખરા ? મહારાજ ! એમને લીધે જ છૂટ્યાં. આમતો એને ક્યાંથી ઓળખીએ પણ એના કારણે જ, ગમે તે એની ભાવના સારી કે ખોટી પણ એમનાં કારણે અમે છુટી શક્યા. મહારાજે હરિભક્તોમાં નજર કરી કહ્યું એ શેઠીયા ઉભા થાવ ? અને બે ભક્તો ઉભા થઈને આવ્યા. મહારાજ કહે જુઓ સંતો આ તમને છોડાવવા આવ્યા હતા.

મિત્રો ! આપણે સારા ભવ્ય મંદિરોમાં બેસીને સુખેથી ભજન-ભક્તિ કરીએ છીએ એના માટે આપણને ઘણી બધી સાનુકુળતાઓ છે. એ આપણા પૂર્વજોનું તપ કામ કરે છે. ઘણી જગ્યાએ તમને અનુભવ હશે. કોઈ દીકરો આરામથી રહેતો હોય ખૂબ ખાતો-પીતો હોય એ જોઈને સમાજના બીજા માણસો બોલે કે એના બાપ-દાદાની કમાઈ ખાય છે. એના બાપદાદાએ મકાનો બાંધી દીધેલા. જમીનો લઈ લીધેલી હવે એ જલસા કરે છે. આપણા માટે એ કદાચ સાચું હશે. આજનું આપણું તપ કેટલું ! આજની આપણી ભક્તિ કેટલી ! પણ આપણાં વડવાઓ, બાપા-દાદાઓ, સંતો અને હરિભક્તોએ કેટકેટલું વેઠ્યું છે. સહન કર્યું છે, એના તપના પ્રતાપે આપણે સુખેથી ભજન કરીએ છીએ એ ભૂલાવું ન જોઈએ. અને ઝાઝું ન કરી શકીએ તો કાંઈ નહી પણ એ પરંપરાનું ગૌરવ રાખવું એને સાચવી રાખવું એ આપણી ફરજ છે. જો એટલું કરીશું તો સ્વામિનારાયણ ભગવાન અને એ સંતો-ભક્તોની પ્રસન્નતા રહેશે અને આપણે સુખી થઈશું.

●

## નિયમમાં રહેવું સુખકારી છે

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

આપણે ત્યાં ઘણા લોકો એક કહેવતનો પ્રયોગ કરતા હોય છે કે - ''માણસ માત્ર ભૂલને પાત્ર'' અને આ જ વાક્યનો સહારો લઈને વારંવાર થતી પોતાની ભૂલને ઢાંકવાનો પ્રયત્ન પણ કરતા હોય છે. પણ એક વાતનું ધ્યાન રાખવું જોઈએ કે ક્યારે પણ કોઈ ભૂલ થઈ હોય તે બાબત આપણા ધ્યાનમાં આવે તો ભૂલ ક્યા કારણસર થઈ છે તે કારણને શોધી તે ભૂલ ફરી ન થાય તેની સાવચેતી રાખવી જોઈએ.

ભૂલ થાય તે સ્વાભાવિક છે પણ થયેલી ભૂલનો પસ્તાવો ન થાય અને તે ભૂલ વારંવાર થાય તો તે ઘણીવાર મોટી મુશ્કેલીમાં મુકાવી દે છે.

**''એક વાર થયેલી ભૂલ ક્ષમાને પાત્ર છે.**
**બીજીવાર થયેલી ભૂલ ધૃણાને પાત્ર છે.**
**અને ત્રીજાવાર થયેલી ભૂલ સજાને પાત્ર છે.''**

એક ગામમાં સંત મહાત્માનો વિશાળ આશ્રમ હતો. મહાત્માજી પોતાના શિષ્યો સાથે એ આશ્રમમાં રહેતા હતા. મહાત્માજીએ આ બધા શિષ્યોની સલામતી માટે એક નિયમ બનાવ્યો હતો કે કોઈ પણ અજાણી વ્યક્તિ આવીને કોઈ વસ્તુ કે ભેટ આપે તો કોઈપણ શિષ્યે તેનો સ્વીકાર કરવો નહી. આ નિયમનું પાલન બધા શિષ્યો આદરથી કરતા હતા. શિષ્ય એ જ સાચા કે જે ગુરુની આજ્ઞાનું પુરી શ્રધ્ધાથી પાલન કરે. પણ આજ આશ્રમમાં એક નવો શિષ્ય આવ્યો હતો. તેને પણ ગુરુનો આ સિદ્ધાંત સમજાવવામાં આવેલો.

એક દિવસની વાત છે. કોઈ શેઠીયો કે જે આ ગુરુના પરિચયમાં હતો તેણે કોઈ વસ્તુ ભેટ તરીકે બધા શિષ્યોને આપવા માંડી પણ વચનમાં નિષ્ઠાથી વરેલા કોઈ શિષ્યોએ તે વસ્તુ સ્વીકારી નહીં. પણ નવો શિષ્ય હતો તેણે લાલચમાં તે વસ્તુ લઈ લીધી. ગુરૂને ખબર પડી પણ તેમણે વિચાર્યું કે હશે આ વખતે બિચારો ભૂલી ગયો તેણે વસ્તુ સ્વીકારી. પહેલીવાર થયેલી આ ભૂલને ગુરૂએ માફ કરી અને ફરીવાર આવી ભૂલ ન કરવાનું કહી જવા દીધો.

ગુરૂએ ભૂલ માફ કરી અને આ શિષ્યને થયું કે આપણને કાંઈ સજા પણ થઈ નહી અને આ વસ્તુ આપણને મળી. થોડા દિવસ થયા. એક દિવસ વળી કોઈ ભાવિક આવ્યો. તેણે પણ વસ્તુ આપવા માંડી અને આ વખતે પણ પેલા લાલચુ શિષ્યે એ લઈ લીધી. જ્યારે

મહાત્માજીને જાણ થઈ કે આ શિષ્ય એ ફરી ભૂલનું પુનરાવર્તન કર્યું છે. ગુરૂને શિષ્ય પર ધૃણા થઈ કે આ વર્તન સારૂ નથી. ના પાડવા છતાં ફરીથી એણે ભૂલ કરી. થોડો ઠપકો પણ આપ્યો. ફરીથી સમજાવ્યું કે જો તને પહેલીવાર તેં જ્યારે ભૂલ કરી ત્યારે જવા દીધો, તને ચેતવ્યો પણ ખરો પણ ફરી તેં આ જ ભૂલ કરી જે સારૂં નથી. હવેથી આવી ભૂલ ન થાય તેનું ધ્યાન રાખજે.

આશ્રમની ખ્યાતિ આજુબાજુના ઘણા વિસ્તારમાં હતી એટલે અવાર-નવાર કોઈનું કોઈ આશ્રમમાં આવતું રહેતું. એકવાર સાવ અજાણ્યા બે-ત્રણ માણસો આ આશ્રમમાં આવ્યા. એમની પાસે એક દાગીનો હતો. તે આ શિષ્યને આપ્યો અને આ શિષ્યે લીધો.

વાત એવી બની કે આવનાર આ બે-ત્રણ માણસો ચોર હતા. અને તેમણે રાજાના મહેલમાંથી આ દાગીનાની ચોરી કરેલી. રાજાના ખજાનાની ચોરી થઈ એટલે સૈનિકોએ બરાબર તપાસ આદરી. પગેરુ આશ્રમ તરફ ગયું. સૈનિકો દાગીનાની તપાસ કરવા માટે આશ્રમમાં આવી પહોંચ્યા. મહાત્માજી સૈનિકોને જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે આવવાનું કારણ પૂછ્યું. ત્યારે સૈનિકોએ કહ્યું કે - રાજાના મહેલમાંથી દાગીનો ચોરાયો છે અને તે તમારા આશ્રમમાં છે એવી માહિતી અમને મળી છે. ગુરૂએ કહ્યું કે અમારા આશ્રમમાં કોઈ જ ભેટ સોગાદ સ્વીકારવામાં આવતી જ નથી તેમ છતાં તમારે તપાસ કરવી હોય તો કરી શકો છો. સૈનિકોએ તપાસ કરતા પેલા શિષ્ય પાસેથી આ દાગીનો મળી આવ્યો. અને સૈનિકોએ તો આ શિષ્યને મુદ્દામાલ સાથે પકડી ગુરુ સામે ઉભો કર્યો. ત્યારે મહાત્માજીએ કહ્યું કે તમારે જે શિક્ષા યોગ્ય હોય તે એને કરી શકો છો. અને પોલીસ આ શિષ્યને પકડીને લઈ ગઈ. ત્યારે ગુરૂના મોઢે પેલા શબ્દો સારી પડ્યા -

**"એક વાર થયેલી ભૂલ ક્ષમાને પાત્ર છે.**
**બીજીવાર થયેલી ભૂલ ધૃણાને પાત્ર છે.**
**અને ત્રીજાવાર થયેલી ભૂલ સજાને પાત્ર છે."**

આ વાત ઉપરથી એ જ શીખવાનું કે આપણાથી કાંઈ પણ ભૂલ થાય તો તે ભૂલના કારણને શોધી લઈ ફરી તે ભૂલ ન થાય તેનો ખટકો રાખીએ તો ચોક્કસ આપણે મોટી સજાથી બચી શકીએ.

મિત્રો ! સ્વામિનારાયણ ભગવાને પણ વચનામૃતમાં કહ્યું છે કે - ભૂલ થાય ત્યારે જેનો પણ અપરાધ થયો હોય તેની માફી માંગવી અને ફરી ભૂલ ન થાય તેનો યત્ન કરવો પણ ભૂલ કરી માફી માંગી ફરી ભૂલ કરવી તેવું ન કરવું. જો આટલી ઈષ્ટદેવની આજ્ઞાનું પાલન કરીશું તો ચોક્કસ જીવનમાં દુઃખ નહીં આવે.

**શ્રી સ્વામિનારાયણ અંકના સભ્યો જોગ**

આપણું શ્રી સ્વામિનારાયણ માસિક દરમાસની ૧૧ તારીખે નિયમિત ચોક્કસાઈથી જાતે સોર્ટિંગ કરીને પોસ્ટ કરવામાં આવે છે. છતાં કોઈ સભ્યને અંક ન મળે તો ૨૦ તારીખ બાદ મો. નં. ૯૦૯૯૦૯૮૯૬૯ નંબર પર જાણ કરવી. સ્ટોકમાં કોપી હશે તો ફરીવાર પોસ્ટથી મોકલવામાં આવશે. વારંવાર અંક અનિયમિત મળતો હોય તો આપની સ્થાનિક પોસ્ટમાં લેખિત ફરિયાદ કરવી

ઘણાના અંક પોસ્ટમાંથી પરત આવે છે. બે વાર પરત આવે પછી અંક બંધ કરવામાં આવે છે. જેની સૌને જાણ થાય.

**નીચેના મંદિરના મહંતશ્રી અને શ્રી ઘનશ્યામમહારાજ (કાલુપુર મંદિર)ના નવા પૂજારીની નિયુક્તિ**

શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા રામબાગ અમદાવાદના નવા મહંત સ્વામી સ.ગુ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી (નાથદ્વારા મહંતશ્રી)ને નિયુક્ત કર્યા છે તથા નાથદ્વારા મંદિરના ઉપમહંત પદે સ.ગુ. શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજી ગુરુ સ.ગુ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી ને નિયુક્ત કર્યા છે.

અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર રંગમહોલના શ્રી ઘનશ્યામમહારાજના પૂજારી સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નરનારાયણદાસજી (મૂળી) અને અક્ષર ભુવન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજના પૂજારી સ.ગુ. શા. સ્વામી કૂંજવિહારીદાસજી ગુરુ સ.ગુ. સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (કલોલવાળા)ને નિયુક્ત કર્યા છે.




૧.પ.પૂ. ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ દ્વારા ગંગા કિનારે પવિત્ર યાત્રા સ્થળ ઋષિકેશમાં આયોજીત શ્રીમદ્ સત્સંગિ જીવન કથા પારાયણનું પાન કરાવતા સ.ગુ.શા. સ્વામી રામકૃષ્ણદાસજી સાથે સંત હરિભક્તોનો વિશાળ સમુદાય





૧.સ્વીડન (યુ.કે.) મંદિરના ૨૫માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા, સભામાં દર્શન આપતા, શોભાયાત્રામાં દર્શન આપતા તથા હરિભક્તો સાથે પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે શા.સ્વામી નારાયણમુનિદાસજી અને શા.સ્વામી વિશ્વવિહારીદાસજી.
૨. વિહોકન મંદિરમાં આમ્રમહોત્સવ તથા રથાયાત્રા દર્શન.














૧.આપણા એટલાન્ટા (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિરના ૫માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજી સમક્ષ અન્નકૂટ દર્શન અને ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રી તથા સભામાં આશીર્વચન પાઠવતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી.
૨. આપણા ક્લીવલેન્ડ (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિરના નવમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અભિષેક દર્શન, અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા યજ્ઞ વિધિ કરતા અમદાવાદ શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર.સ્વામી રાજેશ્વરાનંદજી તથા સંતો.










૧.શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા (ઈડર દેશ)માં પ.પૂ.લાલજી મહારાજશ્રીની નિશ્રામાં યુવા સત્સંગ શિબિર. ૨.વિસનગરમાં શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ દ્વારા આયોજીત ત્રિદિનાત્મક જ્ઞાનસત્રમાં દર્શન આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા યુવક મંડળના યુવકો પુષ્પમાળા અર્પણ કરતા. ૩. ભાભર (બનાસકાંઠા) ચાતુર્માસમાં રાત્રી કથામૃત પાન કરાવતા શા.સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) ૪. જીવરાજપાર્ક (અમદાવાદ) મંદિરના ૨૭માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી તથા હિંડોળા દર્શન.

# બાળ વિભાગ

- પ્રફુલ ખરસાણી



ઉપર ભૂલભૂલામણી આપી છે તેમાં તમારે માત્ર એટલું જ કરવાનું કે નીચે જમણી તરફ જે બાળક છે તેને વચ્ચે ફૂલ પાસે લઇ જવાનો છે અને ત્યાંથી ફૂલ લઇ ભગવાનની મૂર્તિ પાસે લઇ જવાનો છે પણ જો જો રસ્તો ભૂલતા નહીં અને હા પહેલા ફૂલ સીધી લાલ સ્કેચપેન અને ત્યાંથી મૂર્તિ સુધી વાદળી સ્કેચપેનનો ઉપયોગ કરશો.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)**
**"દરેક કાર્ય ઈમાનદારીથી જાગૃત થઈને કરવાનું"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

ક્યારેય ભૂલવું ન જોઈએ કે ભગવાન આપણી અંદર બેસીને જુએ છે. ભગવાન પ્રગટ થાય તો અંતરમાં થાય છે. પરમાત્મા અંતરમાં હાજર છે. પરંતુ આપણે એ વાતને ભૂલી જઈએ છીએ. ખૂબ પ્રેમની ભાવના આવે શ્રધ્ધા અને સત્ત્વગુણ વર્તતો હોય, સારા સારા કાર્ય કરવાની અંતરમાં ઈચ્છા થાય તો સમજવાનું કે આપણે ભગવાનને ભૂલ્યા નથી. ખરાબ વિચારો આવે, બીજાના અવગુણો દેખાય ત્યારે સમજી જવાનું કે થોડીવાર માટે ભગવાન ભૂલાઈ ગયા છે. પરંતુ ખ્યાલ આવે કે તરત આપણી જાતને ટકોર કરવાની કે આ આપણને શોભે નહિ. આપણી અંદર અધર્મની ભાવના વધારે પ્રવર્તે છે. અને ધાર્મિક ભાવના ઓછી પ્રવર્તે છે. તો એવો પ્રયત્ન કરવાનો કે વધારે ને વધારે સારા કાર્યો થાય. ધાર્મિક ભાવના વધારે જાગ્રત બને. જાણ્યે અજાણ્યે પણ ખરાબ વિચાર આવી જાય ત્યારે એવો વિચાર પણ ચોક્કસ આવે છે કે આ કાર્ય નહીં કરવાનું. એક સેંકડ માટે પણ એવું થાય છે કે આ ન કરવું જોઈએ પરિણામ સારુ નહિ આવે. પરંતુ આપણે એટલા બધા 'મોહિત' થઈ જઈએ છીએ કે મને આ જોઈએ જ, મને આ કરવું જ છે. ત્યારે અંતરમાં સુક્ષ્મ વિચાર આવે છે તેને આપણે ધ્યાનમાં લેતા નથી. પછી પાછળથી એમ થાય છે કે મેં મારા અંદરના અવાજને ન સાંભળ્યો. તે વાતની સાબિતી છે કે અંદર બેઠેલા પરમાત્મા આપણને ટકોર કરે છે. તો અંદરનો અવાજ સાંભળવાનો.

આપણે ખાઈ-પીને કસરત કરીને કે દવા કરીને કોઈ પણ રીતે શરીરને તંદુરસ્ત રાખવાનો પ્રયત્ન કરીએ છીએ તો એટલું તાકાતવાન શરીર પણ ઈન્દ્રિયોની અંદર ફસાઈ જાય છે. આપણા શરીરને ઈન્દ્રિયો કહે છે તે પ્રમાણે સ્થૂળ શરીર કર્યા કરે છે. શરીરથી પર ઈન્દ્રિયો, ઈન્દ્રિયોથી પર મન, અને મનથી પર બુદ્ધિ અને બુદ્ધિથી પર 'આત્મા' છે. દા.ત. આપણી સામે ઘણી બધી ખાવાની વાનગી પણ હોય તો પણ આપણું મન ન હોય તો આપણે ચાખીશું પણ નહિ. તો કહેવાનો અર્થ છે કે મનના કહેવાથી બુદ્ધિમાં વિચાર આવે છે. બુદ્ધિ વિચાર કરીને 'નિર્ણય' આપે છે. ત્યારે જ કોઈ પણ કાર્ય થાય છે. આપણા શરીરમાં સૌથી વધારે તાકાળવાળો આપણો 'આત્મા' છે. કેમ કે તેની હાજરીથી આપણું કાર્ય થાય છે. અને તે આપણે પોતે જ છીએ. ઈન્દ્રિયો કે સ્થૂળ શરીરના માધ્યમથી જે કાર્ય થાય છે તેનું પરિણામ જીવને ભોગવવું પડે છે. જેવા વિચારો આવે છે તેવું આપણું ચિત્ત થઈ જાય છે. લોભ અને લાલચના વિચારો આવે તો ચિત્ત તે પ્રમાણે ચિંતવન કરવા લાગે છે. કોઈ પણ બાબતમાં છળ-કપટ નહિ રાખવાનું. દરેક કાર્ય ઈમાનદારીથી જાગૃત થઈને કરવાનું. પરમાત્મા પર ખૂબ પ્રેમ રાખવાનો. પરમાત્માના દાસ થઈને રહેવાનું. દાસત્વભાવ અને ઈનામદારીથી જે ભગવાનની સેવા કરે છે તેના ઉપર ભગવાન ખૂબ રાજી થાય છે. આપણી સાથે પણ કોઈ છળ-કપટ કરે તો તેનું ધ્યાન રાખવાનું મન થતું નથી. સામે ચાલીને તેના પ્રત્યે પ્રેમની ભાવના ઉત્પન્ન થતી નથી. તેમ ભગવાન પણ સાચા ભક્ત હોય તેનું વધારે ધ્યાન રાખે છે.

એક રાજાના મહેલમાં એક વખત એક સંત મહાત્મા આવ્યા અને તેમણે રાજાને કહ્યું મારે અહીંયા રાત-વાસો કરવો છે. તો રાજાએ કીધું કે આ તો મારો મહેલ છે. કોઈ ધર્મ-શાળા નથી. તમે મહેલની બહાર નીકળી જાવ. તો મહાત્માએ પૂછ્યું કે આ મહેલ તમને કેવી રીતે મળ્યો ? તો રાજાએ કીધું કે મારા પિતાજી પાસેથી મળ્યો છે. તો મહાત્માએ કીધું કે તમારા પિતાજીને કોણે આપ્યો ? તો રાજાએ કીધું કે મારા દાદાજીએ આપ્યો હતો. તો મહાત્માએ પૂછ્યું કે તમારા 'પિતાજી' અને તમારા 'દાદાજી' ક્યાં છે ? તો રાજાએ કીધું કે એ તો આ દુનિયામાં નથી. તો મહાત્માએ કીધું કે આ મહેલને છોડીને જતા રહ્યા? સાથે કોઈ ન લઈ ગયું ? આજે તમે અહીંયા રહો છો, તો થોડા સમય માટે રહેવાનું હોય તેને ધર્મશાળા જ કહેવાય. તો આ જગતની વસ્તુઓનું પણ એવું જ છે. માટે આપણે પણ એ પ્રમાણે જ રહેવાનું છે. આપણે જગતના સંબંધોને નહિ પણ પરમાત્મા સાથેના સંબંધોને 'શાશ્વત' બનાવવાના છે. આપણા દ્વારા કરેલા કાર્યો જ જોડે લઈ

જવાના છે. આ જગતમાં કરેલા કર્મો પ્રમાણે જ ત્યાં જગ્યા મળશે. જેમ સોનાના દાગીના તુટે છે. તો તેનો આકાર માત્ર ખોવાઈ જાય છે. સોનાની કિંમત એની એજ હોય છે. એવી રીતે જ્યારે આ શરીરનો નાશ થશે ત્યારે શરીરનો આકાર ખોવાઈ જાય છે. પણ ભક્તિની કિંમત રહેશે. દાગીનાની અંદર જેટલું સોનું હશે એ પ્રમાણે દામ મળશે. ઘણા દાગીના પોલીશ કરેલા હોય છે. સોનું ઓછા-વધતા પ્રમાણમાં હોય છે તો એ પ્રમાણે એની કિંમત આવે છે. તેમ જેટલી ઈમાનદારીથી ભક્તિ કરી હશે એ પ્રમાણે જગ્યા મળશે. મનુષ્ય જન્મ મળ્યો છે, અને આ સત્સંગ મળ્યો છે તો મહારાજે જેટલું કીધું છે એટલું કરવાનું છે. મહારાજે કીધું છે, એમ કરીશું તો થોડું સહન કરી લઈશું, તો પછી કેટલી બધી શાંતિ મળશે. તે વિચારવાનું, આપણે નક્કી કરવાનું છે કે થોડા વખતનું કષ્ટ સહન કરવું છે કે ચોર્યાસીમાં જવુ છે ?

મહારાજને પ્રાર્થના કરવાની કે આ જન્મમાં જ કસોટી કરો. આ જન્મમાં જ બધું પુરૂ કરી દો પછી પાછા આવવું જ નથી. જે લાયક બને છે તેની જ પરમાત્મા કસોટી કરે છે. જે વિદ્યાર્થી સ્કુલમાં વધારે ભણવામાં હોશિયાર હોય છે તેને જ અઘરા સવાલો પૂછાશે. તેમ જે વધારે સારો ભક્ત હોય તેની જ ભગવાન કસોટી કરે છે. આત્માનો અવાજ કાયમ સાંભળવાનો અને પરમાત્માને પ્રાર્થના કરવાની કે જે કાંઈ મારા જીવનમાં થાય તે આપની ઈચ્છા પ્રમાણે જ થાય અને અંતઃકરણને કાયમ ચોખ્ખું રાખવાનું અને કોઈ પણ કાર્ય કરીએ ત્યારે ઈમાનદારીથી કરવાનું.

●

### "સંસ્કાર રૂપી સંપત્તિ"

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

સંપત્તિ એટલે મિલકત. સંપત્તિ ઘણા પ્રકારની હોય છે. ખાણ નો માલિક હોય તેની પાસે ખનિજ સંપત્તિ હોય છે. ખેડૂતો હોય તેને ત્યાં ઢોર-પશુની સંપત્તિ હોય, વેપારી હોય તેને ત્યાં માલ-સામાનની સંપત્તિ હોય જમીનદાર પાસે જમીન સંપત્તિ હોય, મકાનો વાળા પાસે સ્થાવર મકાનોની સંપત્તિ હોય, ધનાઢ્ય પાસે ધન સંપત્તિ હોય. ઋષિમુનિઓ પાસે તપ રૂપી સંપત્તિ હોય, જ્યારે સંસ્કારી જીવાત્મા પાસે સંસ્કાર રૂપી સંપત્તિ છે. અને તે ઉત્તમ સંપત્તિ ગણાય છે. કારણ કોઈપણ સંપત્તિ હોય પણ જો તેનામાં સંસ્કારરૂપી સંપત્તિ નથી તો કાંઈ નથી. એટલે કે તેની પાસે પ્રાપ્ત કરેલી સંપત્તિની કિંમત ગણાતી નથી. સંસ્કારથી સર્વ વસ્તુઓ તથા જીવાત્મા શોભે છે.

સંસ્કાર એટલે શું ? સંસ્કાર એટલે એ જે સમાજને સીધી લાઈન પર રાખી શકે અને સુખી કરી શકે. સમાજની ગાડીને એના પરમ સુખના સ્ટેશન સુધી પહોંચાડવા માટે સંસ્કારના ટ્રેક જરૂરી છે. જે સમાજ પાસે સંસ્કારના ટ્રેક નથી હોતા એ સમાજની ગાડીઓ આડી અવળી લાઈન પર ઘુસીને સમાજમાં અકસ્માતો સર્જી બેસે છે. જે ગાડી સંસ્કારના ટ્રેક છોડીને દોડવા લાગે છે તે પણ ખરી પડે છે. સંસ્કારથી સમાજનો વિકાસ થાય છે. સંસ્કારથી જ સમાજ સુખી થાય છે. સંસ્કારથી સમાજનો ઉદ્ધાર થાય છે અને સંસ્કારથી માણસની પ્રકૃતિ બદલાય છે. સંસ્કાર એ છે જે માનવીને આનંદિત રાખે છે.

સંસ્કાર એટલે એક માતા દ્વારા પોતાના સંતાનને અપાતી સૌથી મોટી ભેટ, સંસ્કાર એટલે એક ગુરૂ દ્વારા શિષ્યોને અપાતી સૌથી મોટી ભેટ, સંસ્કાર એટલે એક વ્યક્તિ દ્વારા બીજી વ્યક્તિને અપાતી સૌથી અમૂલ્ય ભેટ છે. જે માનવીને વ્યસ્ત રાખે છે.

સંસ્કાર એ માનવજીવનનું મૂળ છે. મૂળ નબળા હોય એ વૃક્ષ પડી જાય છે. તેમ જેના સંસ્કારરૂપી મૂળ નબળા હોય એ માનવી સત્સંગમાં ટકી શકતા નથી. જેમ વૃક્ષના મૂળને મજબૂત કરવા માટે પાણી અને ખાતરની જરૂર છે તેમ સંસ્કાર રૂપી ખાતરથી માનવીનું મન મજબૂત બને છે.

સંસ્કાર એ માણસના આત્માને સ્વચ્છ કરતી સાવરણી છે. સંસ્કારથી માણસનો આત્મા સ્વચ્છ રહે છે. અને આત્મા સ્વચ્છ હોય તો શરીર તો આપો આપ સ્વચ્છ રહે છે. જેમ આંગણું સ્વચ્છ રાખવાથી ઘર સ્વચ્છ નથી બની જતું. એમ માત્ર શરીર સ્વસ્થ રાખવાથી આત્મા પણ સ્વચ્છ નથી બની જતો. આત્માને અને મનને સ્વચ્છ રાખવા માટે સંસ્કારની ખૂબજ આવશ્યકતા છે. આપણે રોજ સવારે ઘરમાં ઝાડું મારીએ છીએ. રોજ રોજ સફાઈ થતી હોવા છતાં રોજ રોજ કંઈકને કંઈક કચરો માટી નીકળે છે. તેમ મનને આત્માને પણ રોજ સંસ્કાર રૂપી સાવરણીથી સાફ કરવું જરૂરી છે. કારણ કે આજના જમાનામાં મન રોજને રોજ દુર્ગુણોથી ખરડાતું રહે છે. જેથી આત્મા પણ અશુધ્ધ બનતો જાય છે. એને શુદ્ધ કરવા સાફ કરવા માટે સંસ્કારરૂપી સાવરણીની જરૂર છે. હૃદયને સ્વચ્છ, ઉજ્જવળ, શાંત બનાવવું હોય તો સંસ્કાર રૂપી દીવો પ્રગટવો જોઈએ. પછી જ અજવાળું આવે છે.

માનવ માટે સંસ્કાર મેળવવા જરૂરી છે. સંસ્કાર વગરનો માનવી પથ્થર સમાન છે. સંસ્કાર વિનાનો માનવી કોલસા સમાન છે. સંસ્કાર ગ્રહણ કરવામાં ભારત

પવિત્ર ભૂમિ છે. માનવ જીવનમાં સરળતા અને ઉદારતા, શિષ્ટાચાર હોવી જરૂરી છે. તેના માટે સંસ્કારની અતિ આવશ્યકતા છે. સંસ્કારથી જ માનવી, માનવ બની શકે છે અને તે માનવી મોક્ષ ભાગી બને છે.

ધાર્મિક સંસ્કાર રૂપી પાણીનું સિંચન કરવું જોઈએ. જેથી પોતાનું, પોતાના આખા કુટુંબનું, પોતાના ભાવિ કુટુંબનું જીવન પ્રભુમય બને છે. ધર્મ સાથે ભક્તિ કરી પ્રભુને રાજી કરાય અને આ દેહે જ મોક્ષ પ્રાપ્ત કરી માનવ અવતાર સફળ કરી શકાય છે. ભગવાને દયા કરી માનવ દેહ આપ્યો તેનો સદ્દુપયોગ કર્યો કહેવાય. ધાર્મિક સંસ્કારમાં બીજા બધા સંસ્કારો આવી જાય છે. ધર્મ એટલે સદાચાર પવિત્ર ફરજ, તેમાં સમાજને લગતા, કુટુંબને લગતા બધા સંસ્કાર સમાયેલા છે. દા.ત. શિક્ષાપત્રી એટલે સંસ્કારથી ભરપૂર શિખામણો. જેમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને માનવીના સામાન્ય ધર્મો, આચાર્ય, આચાર્ય પત્ની, બ્રહ્મચારી, સાધુઓ, ત્યાગીઓ, ગૃહસ્થો સધવા-વિધવા સ્ત્રીઓ વિગેરેના વિશેષ ધર્મો સરળતાથી સમજાવ્યા છે. તેનો વિસ્તાર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અગ્રગણ્ય શાસ્ત્ર સત્સંગિજીવનમાં છે. આ શિક્ષાપત્રીના જ સંસ્કાર દરેક માનવી ગ્રહણ કરે છે અને પોતે સમજીને અંતરમાં - હૃદયમાં મૂકે છે. તથા બીજાને સમજાવી અમલમાં મૂકાવા કોશિશ કરે તો બીજે ક્યાંય સંસ્કારની શોધમાં જવાની જરૂર નથી. ભગવાને દયા કરી શાસ્ત્રોરૂપી પકવાનોના ભંડાર ભરી દીધા છે. હવે ગ્રહણ કરી અમલમાં મૂકવું તે આપણા હાથની વાત છે. બીજી બધી સંપત્તિ મેળવવા દરેક પુરુષાર્થ કરે છે પણ મોટા ભાગના માનવીઓ ધાર્મિક સંપત્તિ જે સંસ્કાર મેળવવામાં દુર્લક્ષ સેવે છે. તેઓ એમ માને છે કે માયિક સંપત્તિ હશે તો જ આ દુનિયામાં આપણી કિંમત છે. પણ ખરેખર તે ભૂલ ભરેલું છે. સંસ્કાર રૂપી સંપત્તિ હશે તો જ જીવન જીવવામાં શાંતિ અને સુખ રહે છે.

સંસ્કારરૂપી સંપત્તિમાં સંતોષ, દયા, ક્ષમા, હેત, ભાવ, સંપ, પરોપકાર, નિઃસ્વાર્થપણું વગેરે ગુણો સમાયેલા છે. તેથી શ્રીપુરુષોત્તમ નારાયણને રાજી કરી શકાય છે ને મુક્તિ પ્રાપ્ત કરી શકાય છે. તેથી દરેક સંપત્તિઓમાં સંસ્કારરૂપી સંપત્તિ ઉત્તમ છે. અને તેમાંય ધાર્મિક સંસ્કારરૂપી સંપત્તિ અતિ શ્રેષ્ઠ છે.

હવે થોડું ચાલું જમાના વિશે વિચારીએ. શિક્ષાપત્રીના શ્લોક નં. ૧૯'' જે, જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી ચરણામૃત ના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું. ને જગન્નાથપુરીને વિષે પ્રસાદ લેવાય તેનો દોષ નથી.'' ચાલું જમાનામાં હોટલમાં, નાસ્તાની અને જમવાની પ્રથા બહુ મોભા પાત્ર ગણાતી જાય છે. તે યોગ્ય નથી. આમાં વર્ણાશ્રમનો ધર્મ સચવાતો નથી. કારણ કે ગમે તેવું સાફ કર્યા વગરના અનાજનો તેમાં ઉપયોગ થાય, અળગણ પાણીનો, અળગણ-ગાળ્યા વિનાનું તેલ, ઘી,ની વાનગીઓ બનાવે છે. સાફ કર્યા વિના મસાલાનો ઉપયોગ થાય જેથી અશુધ્ધ અન્ન પેટમાં જાય છે. એટલે બુદ્ધિ અશુદ્ધ થાય. ને ધર્મમાંથી ભ્રષ્ટ થવાય છે. તેમ ટી.વી. અને ફિલ્મી કલાકારોને આપણે આદર્શ માનીએ છીએ. પણ ટી.વી. સિરિયલોના પ્રભાવથી ઘણું ગેરવર્તન જોવા મળે છે. પિતા પોતે જ પોતાના યુવાન પુત્ર-પુત્રી સાથે ટી.વી. સામે બેસીને અશ્લીલ દશ્યો જુએ છે. જેથી પરિવારની મર્યાદા, ગરિમા, આદરભાવ બધુંય તૂટતું જાય છે. ટી.વી. જોઈને કોઈ પ્રહલાદ, જનક, અંબરીષ કે નરસિંહ મહેતા, મીરા, દ્રૌપદી, જેવા થયા હોય એવું જોયું કે સાંભળ્યું નથી. ટી.વી.થી સંસ્કારો રફે દફે થઈ ગયા છે. કુસંસ્કારોનું આક્રમણ થઈ રહ્યું છે. છેલ્લા ૩૦-૩૫ વર્ષથી આવેલા ટી.વી.ની ચેનલોએ સંસ્કારોને રફેદફે કરી નાખ્યા છે. આપણી દિવ્ય ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સ્ત્રીઓ કદી અંગ પ્રદર્શન કરતા વસ્ત્રો પહેરી જાહેરમાં આવતી નહોતી. પરંતુ ટી.વી. આવ્યા બાદ આંખમાં શરમના પાણી સૂકાઈ ગયા છે. આપણી સંસ્કૃતિમાં છૂટા-છેડા જેવો કોઈ શબ્દ નહોતો. કોઈપણ પુરુષ તેની પત્નીનો કે સ્ત્રી તેના પતિનો ત્યાગ કરી શકે જ નહિ. પરંતુ આ સિરિયલો દ્વારા આ બાબતને એકદમ સામાન્ય ગણીને એક નાની અમથી વાતમાં છૂટાછેડા લઈને સંસ્કૃતિને રફે દફે કરે છે. કુમારિકાઓ નાચનારી નર્તકી બની જાય છે. ને છોકરાઓ ભાંડ બની જાય છે. આમ ધર્મમાંથી ભ્રષ્ટ થવાય છે.

જીવનમાં આહાર વિહાર અને દ્રષ્ટિ બધુંય શુધ્ધ તો સૃષ્ટિ શુધ્ધ. નહીં તો કુસંસ્કારોથી ખોટે રસ્તે માનવીઓ બાળકો ચઢી જાય છે. પછી કહે છે કે બાળકો માનતા નથી. કમાતા નથી, માતા-પિતાની સેવા કરતા નથી અને જીવન બરબાદ કરે છે. જેના પરિણામ સ્વરૂપે આપણે માનવતાનું અસ્તિત્વ ગુમાવી રહ્યાં છીએ. માટે આપણે સંસ્કારવાન બનવું પડશે. સમાજના એકે એક માનવીનું કર્તવ્ય છે જે સંસ્કારોનું સિંચન કરવું. અને સંસ્કારોની સુરક્ષા કરવી.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ સ્થૂળ દેહ કેટલા તત્વનું છે તે જણાવશો ?

પ્ર. ૨ સૃષ્ટિ કેટલા પ્રકારની અને કઈ કઈ છે ?

પ્ર. ૩ જામનગરના ઝવેરબાઈની આંખે જામરનો રોગ થયો હતો. તે બાઈએ છેડાવ્રતનું વ્રત લીધેલું હતું તે બાઈનું દુઃખ મટાડવા ભગવાને કેવું રૂપ ધર્યું હતું.

પ્ર. ૪ અન્નમય કોષ, પ્રાણમય કોષ, મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષ એમની સ્થિતિ જુદી જુદી કહો ?

પ્ર. ૫ લિંગ દેહ કેમ નાશ પામે ?

પ્ર. ૬ અંગ દેશમાં સંગવીરપુરમાં લોમપાદ નામે રાજાના રાજ્યમાં બ્રાહ્મણના અપરાધથી દુષ્કાળ પડ્યો, શાંતિ માટે કોઈ ઋષિની પ્રેરણા મુજબ એકલ શ્રૃંગિને રાજ્યમાં લાવીને યજ્ઞ કરાવ્યો ને શાંતિ થઈ. તે એકલ શ્રૃંગિ પાસે ક્યા રાજાએ પુત્રેષ્ટી યજ્ઞ કરાવ્યો હતો ?

પ્ર. ૭ અપની પોંચ વિચાર કે, કરીએ તે તી દોડ, તેતા પાઁવ પસારીએ, જેતી લંબી સોડ.... પૂર્તિ કરશો.

## જુલાઈ-૨૦૧૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) શ્લોક-૩૭ ગુરુ, દેવ અને રાજા એ ત્રણેયના........ (૨) આર્તભક્ત, અર્થાથી ભક્ત, જીજ્ઞાસુ ભક્ત અને જ્ઞાની ભક્ત. (૩) અષ્ટ સિધ્ધિઓને યાદ કર્યા ને થાળ લાવીને માતાને જમવા કહ્યું ત્યારે ભક્તિમાતા કહે હું તમને ઓળખતી નથી. માટે ખાત્રી આપો તમે કોણ છો ? (૪) દાસત્વ, આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું. (૫) બાવન ચિહ્ન અને ત્રેસઠ તિલ. (૬) ૧૨૮ કડવા અને ૨૭ પદો. (૭) સ.ગુ. પ્રેમાનંદ સ્વામી.

૧ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૨ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૩ ભાવસાર ચંદુભાઈ પુરુષોત્તમદાસ (નવાવાડજ)
૪ પટેલ ચંદ્રપ્રકાશ ચુનીલાલ (રાણીપ)
૫ પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૬ પટેલ લલિતાબેન રમણભાઈ (સાબરમતી)
૭ પટેલ શારદાબેન હીરાભાઈ (સાબરમતી)
૮ પટેલ મધુબેન મહેન્દ્રભાઈ (સાબરમતી)
૯ પટેલ નયનાબેન સુમનભાઈ (સાબરમતી)
૧૦ પટેલ લલિતાબેન જયંતિભાઈ (સાબરમતી)
૧૧ પટેલ વિઠ્ઠલભાઈ મગનભાઈ (ડાંગરવા)
૧૨ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૧૩ પટેલ ઉમંગ મુકેશભાઈ (કલોલ-પંચવટી)
૧૪ પટેલ રેખાબેન (ઉંઝા)
૧૫ પટેલ મીનાબેન મહેન્દ્રભાઈ (આંબાવાડી)
૧૬ સોલંકી વિનુજી પોપટજી (ડાંગરવા)
૧૭ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર-સુ.નગર)
૧૮ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૯ સોની પલ્લવી આર. (સુરેન્દ્રનગર)
૨૦ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૨૧ ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૨૨ મહંત શા.સ્વા. પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)
૨૩ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૨૪ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૨૫ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૨૬ ચાવડા નીતાબેન ઠાકરસીભાઈ (નરોડા)
૨૭ પટેલ મીનાબેન કમલેશભાઈ (કૂહા)
૨૮ પટેલ શારદાબેન રતિભાઈ (સાબરમતી)
૨૯ પટેલ કોકીલાબેન બાબુભાઈ (સાબરમતી)
૩૦ ઘર સભા બહેનો (લુણાવાડા)
૩૧ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૩૨ ભાવસાર નિકીતા બી. (કાલુપુર)
૩૩ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૩૪ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૩૫ સાં.યો. બહેનો સ્વામિનારાયણ મંદિર બહેનોનું (મોરબી)
૩૬ સાં.યો. ભારતીબા, મંજુબા સ્વામિનારાયણ મંદિર (કાલુપુર)
૩૭ ભાવસાર અરવિંદાબેન (ઘાટલોડીયા)
૩૮ પટેલ ભારતીબેન વિષ્ણુભાઈ (ડાંગરવાવાળા)
૩૯ સુવાસિની મંડળ (લુણાવાડા)
૪૦ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૪૧ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૪૨ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૪૩ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૪૪ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૪૫ ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (દરિયાપુર)
૪૬ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૪૭ ઠક્કર ઉર્વિ પ્રતિકકુમાર (વસ્ત્રાપુર)
૪૮ પટેલ કિંજલ ભરતકુમાર (સાબરમતી)
૪૯ પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૫૦ ડાભી ધવલસિંહ ધર્મેન્દ્રસિંહ (ડાભી ડાંગરવા)
૫૧ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૫૨ પટેલ હીરાબેન ચુનીલાલ (રાણીપ)
૫૩ સાધુ ધર્મકિશોરદાસજી (સ્વા. મંદિર એપ્રોચ-બાપુનગર)
૫૪ ઓચ્છવ મંડળ (સ્વા. મંદિર એપ્રોચ-બાપુનગર)
૫૫ પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૫૬ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (લુણાવાડા)
૫૭ સીતાપરા ગોરધનભાઈ વી. (બાપુનગર)
૫૮ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૫૯ પટેલ ભક્તિભાઈ પુંજલદાસ (દેઉસણાવાળા)
૬૦ શ્રી ઘનશ્યામ મહિલા મંડળ (લુણાવાડા)
૬૧ પટેલ રાવજીભાઈ તળસીભાઈ (સાબરમતી)
૬૨ પટેલ શારદાબેન હીરાલાલ (સાબરમતી)
૬૩ પટેલ ઈલા પ્રવિણભાઈ (અંબાપુર)
૬૪ પટેલ સંગીતાબેન અરૂણલાલ (અંબાપુર)
૬૫ પટેલ લીલાબેન પ્રભુદાસ (અંબાપુર)
૬૬ સ.ગુ. માધવ સ્વામી (સ્વા. મંદિર કાલુપુર)
૬૭ ભાવસાર વીણાબેન આર.
૬૮ ભાવસાર ગીતાબેન આર. (ઘાટલોડીયા)
૬૯ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા મહિલા મંડળ (પંચવટી-કલોલ)
૭૦ ઠક્કર હેલી મેહુલકુમાર (વાસણા)
૭૧ ભાવસાર રેતીશકુમાર ડી. (નવાવાડજ)
૭૨ સોની વર્ષાબેન અરવિંદભાઈ (નવરંગપુરા)
૭૩ પટેલ સંગીતાબેન મનોજકુમાર (અંબાપુર)

**સૂચના :** પ્રશ્નપેટીના ઉત્તર લખતા ભક્તોને ખાસ સૂચન છે કે હવે પછી એકજ વ્યક્તિના લખેલ સરખા જ અક્ષરવાળા ઉત્તર સ્વીકારાશે નહી. જે તે વ્યક્તિએજ પોતાના હસ્તાક્ષરમાં જ જવાબ લખવા તેવું ખાસ સૂચન છે. અને સારા ફુલ સ્કેપ પેપરમાં જ જવાબ લખવા જેવાતેવા પેપટમાં ટુકડામાં લખેલ જવાબો સ્વીકારાશે નહીં.

પ્રશ્નપેટીના ઉત્તરો દર માસની ૨૨ તારીખ સુધીમાં સ્વીકારાશે. ત્યારબાદ આવેલ ઉત્તરો પ્રકાશીત થશે નહિ.

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ગુરુ પૂર્ણિમા મહોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિતોના મોક્ષ અને કલ્યાણ માટે આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી મહામંદિરોમાં પોતાના સ્વરૂપોની સ્થાપના કરી, સત્શાસ્ત્રો નંદસંતો પાસે રચાવ્યા અને બે દેશ ગાદી કરીને બન્ને દેશમાં પોતાના દિવ્ય ધર્મકુળમાં આચાર્યોની પોતાના સ્થાને સ્થાપના કરીને સમસ્ત સંપ્રદાયના આશ્રિતોના ગુરુ તરીકે ધર્મવંશી આચાર્યનું સ્થાપન કર્યું.

અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંગાથે ક્યારેયપણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન, વસ્ત્રાદિકે કરીને તે પોતાના આચાર્યને પૂજવા (શિ.શ્લોક. ૭૧)

અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યુ હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય, તે જ સ્વરૂપને સેવવું, અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તેનો નમસ્કાર કરવા યોગ્ય છે, પણ સેવવા યોગ્ય નથી. (શિ.શ્લોક. ૬૨)

આ શિક્ષાપત્રીના શ્લોકને નિત્યે યાદ રાખી મનન ચિંતવન કરવું.

અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમા ના રોજ આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સવારે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની શણગાર આરતી ઉતારી દર્શન કરી સભામાં બિરાજમાન થયા હતા. મંદિરના વિપ્રો દ્વારા સ્વસ્તી વાચન વેદ પરંપરાગત રીતે સંપન્ન થયું. સંતો અને હરિભક્તોએ સમૂહ આરતી ઉતારી હતી. ધામો ધામથી પધારેલા પૂજ્ય સંતોનએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પહાર પહેરાવી પૂજન અર્ચન કર્યું હતું.

પ્રાસંગિક સભામાં શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) અને શા. નારાયણમુનિ સ્વામીએ સુંદર સભા સંચાલનમાં ધર્મવંશી ગુરુનું માહાત્મ્ય સમજાવ્યું.

અમદાવાદ મંદિરના પૂ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, પૂ. સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજી, સ.ગુ. શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજી, સ.ગુ.શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી અને પૂ. રઘુવીર સ્વામી આદિ સંતોએ ગુરુનુ માહાત્મ્ય વેદ પરંપરાગત રીતે સમજાવ્યું હતું. સમસ્ત સત્સંગના આપણા ગુરુ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી છે જે આપણને સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના સ્થાને પ્રસ્થાપિત કરીને ગુરુ સ્થાને બિરાજમાન કર્યા છે. એમ સુંદર માહાત્મ્ય સમજાવ્યું હતું.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમસ્ત સભાને પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવનો દ્રઢ આશરો, નિષ્ઠા વિશેષ રૂપે રાખવા ખાસ આજ્ઞા કરી હતી. ગુરુપૂજનના યજમાન બોલ્ટનના પ.ભ. કાંતિલાલ માવજીભાઈ ખીમાણીએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કરી આરતી ઉતારી હતી. તથા ગામો ગામ અને શહેરના હજારો હરિભક્તોએ શિસ્તપૂર્વક કતારમાં ઉભા રહીને ધર્મકુળના ચરણ સ્પર્શ દર્શન કરી જીવને ધન્ય બનાવ્યું હતું. આ પ્રસંગે પૂ. મહંત સ્વામીના માર્ગદર્શનથી રસોડામાં જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, ભક્તિ સ્વામી, યોગી સ્વામી, નટુ સ્વામી આદિ સંત મંડળે સુંદર આયોજન કર્યું હતું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી. (શા.સ્વા. નારાયણમુનિદાસ)

**અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય હિંડોળા દર્શન**

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે અષાઢ વદ-૨ બીજથી પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવને અલૌકિક સુંદર સૂકા મેવા, ફુલ અને ચોકલેટ આદિના ભવ્ય અલૌકિક હિંડોળા બનાવીને રોજે સાંજે ઠાકોરજીને હિંડોળામાં ઝુલાવીને દર્શન કરાવવામાં આવે છે. શ્રધ્ધાળુ ધર્મપ્રેમી હરિભક્તો યજમાન પદે વિવિધ હિંડોળાનો સુંદર લાભ લે છે. પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શન મુજબ પૂજારી બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી, નટુ સ્વામી, શા. વિશ્વવિહારી સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી, શા. નારાયણમુનિ સ્વામી આદિ સંત મંડળ દેવ અને ધર્મકુળ અને હરિભક્તોને રાજી કરવા અથાગ દાખડો કરી આ અલૌકિક હિંડોળાનું આયોજન કરી હરિભક્તોને દર્શનનું સુખ આપે છે. (શા. નારાયણમુનિદાસ)

**આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૯ મો જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ પરમ સાનિધ્યમાં શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના ૮ માં ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૯ મો પ્રાકટ્યોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

સવારે ૮-૧૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી કાલુપુર મંદિરમાં પધારી સૌ પ્રથમ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની શણગાર આરતી ઉતારી દર્શન કરી સભામાં બિરાજમાન થયા હતા. મંદિરના વિદ્વાન વિપ્રો દ્વારા સ્વસ્તીવાચન વિધિપૂર્વક થયું હતું. ત્યારબાદ વડીલ સંતો હરિભક્તો અને મંદિરના ટ્રસ્ટી બોર્ડના સભ્યોએ સમૂહમાં આરતી ઉતારી હતી.

વિદ્યાર્થી સંતોના મંડળે પોતાની ભાવવાહી સુંદર શૈલીમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૯ માં પ્રાક્ટ્યોત્સવ પ્રસંગે ધર્મકુળની નિષ્ઠા જણાવીને પોતાની અંતરની ભાવના દર્શાવી હતી.

પૂ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજીએ ધર્મકુળની નિષ્ઠા વિશે સુંદર વાત કરી હતી. સભા સંચાલન શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ સુંદર રીતે સંભાળ્યું હતું. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવ પરત્વેની નિષ્ઠા સૌમાં વિશેષ દ્રઢ થાય તેવા આશિષ પાઠવ્યા હતા.

બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી, ભંડારી જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી અને નટુ સ્વામી આદિ સંત મંડળે તમામ આયોજન સુંદર કર્યું હતું.

(ચેતન જંગલે)

### શ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ ભાભર દ્વારા શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ રાત્રીય પારાયણ ધામધૂમપૂર્વક યોજાઈ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા કાલુપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી તા. ૨૭-૭-૨૦૧૬ થી તા. ૩૧-૭-૨૦૧૬ દરમ્યાન ભાભર ગામે દેશી લોહણા મહાજન વાડી ખાતે શ્રીમદ્ સત્સંગિજીવન રાત્રીય પારાયણ વક્તા સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર યુવાન સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી ગુરુ સ.ગુ. શા.સ્વા. પી.પી. સ્વામી (કોટેશ્વર ગુરુકુળ)ના સુમધુર કંઠે સંગીતના તાલે ધામધૂમપૂર્વક સંપન્ન થઈ.

પ્રથમ દિને શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરથી સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, નારાયણઘાટ મંદિરથી મહંત દેવ સ્વામી, શા.સ્વા. નારાયણમુનિદાસજી, વિશ્વવિહારી સ્વામી, ગાંધીનગર થી મહંત શા.પી.પી સ્વામી, વીરડી ગામથી પ.ભ. નટુભાઈ કાનાબાર આદિ સંત હરિભક્તોએ પધારીને સુંદર લાભ આપ્યો હતો. સમસ્ત ભાભર ગામના આગેવાનો તથા ગામના ભાવિકજનોએ ચાતુર્માસમાં કથા શ્રવણનો દિવ્ય અલૌકિક લાભ લીધો હતો. તથા ભાભરની આજુબાજુના રાધનપુર, દિયોદર આદિ ગામોના પણ ઘણી મોટી સંખ્યામાં ભક્તોએ કથાનો લાભ લીધો હતો. આ પ્રસંગે ભાભર ગામનું સત્સંગ મંડળ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને સ્વયં સેવક ભાઈઓ-બહેનોએ સુંદર સેવા કરી શ્રીજી મહારાજનો રાજીપો મેળવ્યો હતો. (રમેશભાઈ નરભેરામ કાનાબાર-ભાભર)

### સર્વોપરી છપૈયાધામમાં ઠાકોરજીનો ૧૬૬ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી નારણપુરા શ્રી ઘનશ્યામ મહિલા મંડળના યજમાનપદે સર્વોપરી છપૈયાધામમાં બિરાજમાન સર્વાવતારી શ્રી બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ આદિ દેવોનો ૧૬૬ મો વાર્ષિક પાટોત્સવ ભવ્યતાથી ઉજવાયો.

પાટોત્સવના ઉપલક્ષમાં પંચદિનાત્મક શ્રી ઘનશ્યામ બાલચરિત્ર કથા સ.ગુ.શા. સ્વામી ભક્તિનંદનદાસજી (અંજલી વાસણા મંદિર)ના વક્તાપદે બિરાજી કથામૃતનું સુંદર રસપાન કરાવ્યું હતું. પ્રથમ દિવસે પોથીયાત્રા નારાયણ સરોવરથી નીકળી મંદિર જન્મસ્થાનથી કથા સ્થળે ધૂન ભજન કીર્તન કરતા આવી હતી. કથામાં શ્રી ઘનશ્યામ પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. આ પ્રસંગે સમૂહ મહાપૂજા-નારાયણ સરોવરની સમૂહ આરતી શ્રીરામપ્રતાપજી મહારાજના ભવ્ય લગ્ન, ત્રિદિનાત્મક હરિયાગ અત્રેના મહંત બ્ર. સ્વા. વાસુદેવાનંદજીના માર્ગદર્શન મુજબ થયા હતા. આ પ્રસંગે મહિલા મંડળના આગ્રહથી પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી ખાસ ત્રણ દિવસ સુધી સાંખ્યયોગી બહેનોના મંડળ સાથે પધારીને દર્શન આશીર્વાદનો સુંદર લાભ આપ્યો હતો.

નિર્જળા એકાદશીના પાટોત્સવના શુભ દિને પ્રાતઃ ઠાકોરજીનો મહાભિષેક ષોડશોપચાર પૂર્વક બ્રહ્મચારી સંતોએ વેદ વિધિસર કર્યો હતો. આ અલૌકિક પાટોત્સવમાં અમદાવાદ (કાલુપુર), જેતલપુર, મૂળી, અયોધ્યા, દિલ્હી અને રતનપર આદિ ધામોધામથી સંતો પધાર્યા હતા. નારણપુરા મંદિરના મહંત શા.સ્વામી હરિૐપ્રકાશદાસજી પણ અત્રે રોકાઈને સૌ ભક્તોને માર્ગદર્શનરૂપ રહ્યા હતા. જન્મોત્સવ બાંધકામમાં સૌ હરિભક્તોએ ઉદાર હાથે સેવા કરી હતી.

મહંત બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજી અને તેમના સંત મંડળે સૌ ભક્તોની સુંદર વ્યવસ્થા કરી હતી. સર્વોપરી છપૈયાધામના મહા અલૌકિક પાટોત્સવના દર્શન કરી યજમાન મહિલા મંડળ અને સર્વે દર્શનાર્થીઓનું જીવન ધન્ય ધન્ય બન્યું હતું. (ચિરાગ ભગત છપૈયાધામ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર મેમનગર (ભક્તિનગર) ૧૭ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર મેમનગર

(ભક્તિનગર)નો ૧૭ મો પાટોત્સવ વૈશાખ વદ-૯ તા. ૩૦-૫-૧૬ ના રોજ ધામધૂમથી ઉજવાયો.

સવારે ૮-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા અને સૌ પ્રથમ નિજ મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર પૂર્વક અભિષેક ધામધૂમથી સંપન્ન થયો હતો. ત્યારબાદ આયોજીત પ્રાસંગિક સભામાં સંતોની પ્રેરક વાણીબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આર્શીવચનમાં કહ્યું કે, "શ્રીજી મહારાજે શહેરની મધ્યમાં મંદિર નિર્માણ કરાવ્યું. આપણે શહેરમાં - પોળોમાં વસતા હતા. સમયાન્તરે આપણે શહેરની બહાર આવ્યા. બંગલા મકાન મોટા કર્યા, નવા ફાર્મ હાઉસ બનાવ્યા. ભગવાનનું મંદિર ત્યાનું ત્યાંજ રહ્યું. હવે ભગવાનનું પણ મંદિર મોટું કરીએ, વિશાળ બનાવીએ અને ભગવાન આપણી મનોકામના પૂર્ણ કરે એવી પરમકૃપાળુ શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના. અહીંયા પણ અમે તમારી સાથે જ છીએ પાડોશી છીએ અને અક્ષરધામમાં પણ સાથે જ હોઈશું. પાટોત્સવના યજમાન પદે પ.ભ. જયેન્દ્રભાઈ શાંતિલાલ ઠક્કર પરિવારે લાભ લીધો હતો. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હતી. આ મંદિરના નિર્માણથી લઈ આજ પર્યન્ત ઠાકોરજીની સેવા પૂજા કરતા દેવ અને ધર્મકુળના નિષ્ઠાવાન પ.ભ. ગંગારામભાઈની સેવાને બિરદાવવામાં આવી હતી.

(શ્રીનરનારાયણદેવ યુવક મંડળ - મેમનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ નો ૫૬ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓ-બહેનોનું) નવા વાડજનો ૫૬ મો પાટોત્સવ તા. ૧૧-૪-૧૬ ના ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૫-૪-૧૬ થી તા. ૧૧-૪-૧૬ દરમ્યાન સ.ગુ.શા. સ્વામી વાસુદેવચરણદાસજી (નાથદ્વારા)ના વક્તાપદે અ.નિ. બિપીનચંદ્ર ઓચ્છવલાલ શાહ પરિવારના યજમાન પદે શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા સંપન્ન થઈ હતી.

કથા દરમ્યાન ધામોધામના સંતો પૈકી સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, ગાંધીનગર મંદિરના મહંત નાના પી.પી. સ્વામી, શ્રીજીપ્રકાશ સ્વામી, માધવ સ્વામી અને નાથદ્વારા મંદિરના મહંત સ્વામી પધાર્યા હતા.

તા. ૧૦-૪-૧૬ ના સવારની કથામાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને યજમાન પરિવારે પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારી પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. સમસ્ત સભાને પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૧૧-૪-૧૬ ના રોજ શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક શાસ્ત્રીશ્રી ભરતભાઈએ કર્યો હતો.

(શંભુભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાંતિજ ૧૨૯ મો પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અત્રે મંદિરના મહંત સ્વામી પ્રાણજીવનદાસજીની પ્રેરણાથી પ્રાંતિજ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૧૨૯ મો પાટોત્સવ સૌએ સાથે મળી ધામધૂમથી ઉજવ્યો હતો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૫-૪-૧૬ થી તા. ૬-૬-૧૬ દરમ્યાન ત્રિદિનાત્મક શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ રાત્રી કથા શા. સ્વામી ગોપાલજીવનદાસજીના વક્તાપદે થઈ હતી. સભા સંચાલન હિંમતનગર મંદિરના મહંત સ્વામીએ કર્યું હતું. ધામોધામના સંતોએ પધારી અમૃતવાણીનો લાભ આપેલ.

ઠાકોરજીની અન્નકૂટ આરતી પૂ. શાસ્ત્રી પી.પી. સ્વામી (જેતલપુરધામ) એ ઉતારીને સુંદર દર્શનનો લાભ આપ્યો હતો. ગામના સમસ્ત આગેવાન હરિભક્તોએ સંતો સાથે સુંદર સહયોગ આપી દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા.

તા. ૨૦-૬-૧૬ ના રોજ પ.ભ. વિનોદકુમાર રમણલાલ પટેલના યજમાનપદે શ્રીહરિકૃષ્ણ મહારાજને કેશર સ્નાન વેદોક્ત વિધિથી પૂજારી સંતોએ કરાવ્યું હતું.

(કોઠારી હરિભાઈ મોદી)

**લુણાવાડામાં મહિલા પંચાન્હ પારાયણ**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા સાંખ્યયોગી બચીબાની પ્રેરણાથી લુણાવાડા ખાતે તા. ૨૨-૫-૧૬ થી તા. ૨૬-૫-૧૬ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ અ.સૌ. કા. જયાબેન કલ્પેશભાઈના યજમાનપદે સાં. નર્મદાબા (જેતલપુર)એ પોતાની મધુર વાણીથી કથામૃતપાન કરાવ્યું હતું. કથામાં આવતા પ્રસંગો ધામધૂમથી ઉજવ્યા હતા. તા. ૨૬-૫-૧૬ ના પૂર્ણાહુતિના રોજ અમદાવાદથી અસહ્ય ગરમી હોવા છતાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી સર્વે સભાને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. આ પ્રસંગ દરમ્યાન લુણાવાડા મહિલા મંડળ અને સુવાસીની મંડળે પ્રેરણાત્મક સેવા બજાવી હતી. (મહિલા મંડળ પ્રમુખશ્રી લુણાવાડા)

**લાલોડા ગામે ઠાકોરજીની ભવ્ય નગરયાત્રા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના પૂ. સ.ગુ.શા.સ્વા. ઘનશ્યામજીવનદાસજીની પ્રેરણાથી લાલોડા ધામે વૈશાખ સુદ-૩ અખાત્રીજના હજારો હરિભક્તોના વિશાળ સમુદાય સાથે શ્રીહરિકૃષ્ણ મહારાજની નગરયાત્રા દર

વર્ષની જેમ સમગ્ર ગામમાં ધામધૂમપૂર્વક નીકળી હતી. અહીંના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રથયાત્રાના દિને ઠાકોરજીને રથમાં બિરાજમાન કરી ઉત્સવ આરતી કરવામાં આવી હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી ગામમાં વૃક્ષારોપણ, ગામ સ્વચ્છતા અભિયાન, વ્યસન મુક્તિ આદિ સુંદર કાર્યક્રમ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને બાળમંડળ દ્વારા થઈ રહ્યાં છે. સમગ્ર કાર્યમાં પૂ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી અને બાળકૃષ્ણ સ્વામી પ્રેરક રહ્યા હતા. (ભૂમિત પટેલ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી કેશર સ્નાન દર્શન**

